યઝદાં.

"જરથોશ્તી મજહબ."

" No nation deserves better that we should regard their religion with respect, and examine its sacred literature with interest, than the 120,000 Parsis of India—the remnant of the once imperial race of Cyrus and Darius."—Miss. F. P. Cobbe.

ઇંગ્રેજી ઉપરથી તરજુમો કરનાર

અરદેશર નશરવાનજી બીલીમોરીયા.

મુંબઇ વર્તમાન પ્રેસ,—ધોબીતલાવ.

યઝદજરદી સને ૧૨૬૬, ઇસ્વી સન ૧૮૯૭.

યઝદાં.

"જરથોશ્તી મજહબ."

"હિંદુસ્થાનના ૧,૨૦,૦૦૦ પારસીઓ—જેઓ સાઇરસ અને દારાયસની એકવારની બાદશાહી ઓલાદનો બાકી બચેલો ભાગ છે તે—સીવાય બીજી કોઇ પણ પ્રજા પોતાના ધર્મ માટે આપણું વધુ માન અને તેનાં પવિત્ર સાહીત્ય માટે વધુ ધ્યાન ખેંચવાને લાયક નથી."

—મીસ કોબ.

ઇંગ્રેજી ઉપરથી તરજુમો કરનાર

અરદેશર નશરવાનજી બીલીમોરીયા.

મુંબઇ વર્તમાન પ્રેસ,—ઘોબીતલાવ.

યઝદજરદી સને ૧૨૬૬, ઇસ્વી સન ૧૮૯૭.

"જરથોશ્તી મજહબ."

પૂર્વ તરફની વીદયા જે છેલાં કેટલાંક વરસો થયાં પશ્ચીમમાં આગળ વધતી જાય છે તે, અને ગુપ્ત વીદયા, એ બે વચ્ચે વારંવાર ઉઠતા વાંધાઓમાંનો એક દુન્યાના મોટા ધર્મોના જમાના બાબેનો છે. બુધ્ધ અને ખ્રીસ્તી ધર્મના જમાનાના તફાવતનો વાંધો એક કે બે સદીનીજ હદમાં આવીને અટકે છે. પણ હીંદુ અને જરથોસ્તી ધર્મના સંબંધમાં જબાંનશનાસો અને ગુપ્ત વીદયા જાણનારાઓ વચ્ચે બહુ સખ્ત વાંધો પડે છે, કે જે વાંધો પતી શકે એમ લાગતું નથી. કારણકે આટલું તો તદન ચોકકસ છે કે, ગુપ્ત વીદયા જાણનારાઓ પોતાનો વીચાર ફેરવી શકે એમ નથી, અને જબાંનશનાસો, એથી ઉલટુંજ, પુરાતન શહેરો અને પ્રાચીન બાંધકામોના એકેક પછી ખુલા થવાને લીધે ધીમે ધીમે પોતે ધારેલા જમાનાને વધુ લંબાવવાની ફરજમાં આવી પડે છે. બેશક આ એક ધીમી રીતી છે. હીંદુ અને જરથોસ્તી ધર્મ, બંને, જેને તવારીખ "જમાનાની રાત" કહે છે તે વખતમાં જન્મ પામ્યા હતા. હીંદુ ધર્મ વધુ પુરાતન છે, અને જરથોસ્તી મજહબ આર્યન પ્રજાના પ્રગટીકરણ (Evolution)માં બીજો ધર્મ છે.

ખુલી થતી જતી ગવાહીઓ વધુને વધુ પુરાતન જમાના તરફ આપણને લઇ જતી હોવાથી, સદી પછી સદી વધારતા, ગોયા એકેક ઇંચ ચાલીને પોતાનો મારગ કાપતા હોય તેમ, જબાંનશનાસોને પોતાની તકરાર દરમયાન કેમ પાછળ હટવું પડે છે તે દેખાડવા માટે, જે મતોના ફેરફારોમાંથી તેઓ પસાર થયા છે, તે આપણે અત્રે તપાસીશું. ત્યાર પછી આપણે ગુપ્ત ગ્યાનની ગવાહી તપાસીશું, અને ઇરાની પેગંબરના મજહબને તે કયા જમાનામાં મુકે છે તે જોઇશું.

કેટલાક લખનારાઓનાં લખાણો ઉપર ટપકેથી તપાસી જતાં આપણને માલમ પડે છે કે, તેઓ આ પેગંબર જેને કેટલીકવાર "ઝોરોસ્ટર"

અને છેલાં કેટલોક વખત થયો "જરથુસ્ત્ર" નાં નામ હેઠળ ઓળખવામાં આવે છે, તેને ઇ. સ. પુરવે ૬૧૦ ના જમાનામાં હસ્તી ધરાવતો જણાવે છે. આથી મજકુર પેગંબર બુધ્ધ અને પલેટો (અફ્લાતુન) ના જમાનામાં હયાતી ભોગવતો ગણાય, કે જે મત મુસલમીન ગ્રંથકારો પરથી લીધેલું છે, અને જે જો યુરોપયન આલમાઓએ કદીબી ખરેખર ધરાવ્યું હોય તો હાલ તે તદન રદ થઇ ચુકયું છે. ડાૅ૦ એલ. એચ. મીલસ,—જે સઉથી સતાદાર યુરોપયન આલમા ગણાય છે, જેણે ગાથાનો સતાદાર તરજુમો કીધો છે, અને તે બીજા કેટલાક તરજુમાઓ સહીત પ્રગટ કીધો છે તે,—પુરાતનપણાંને લગતા આ સવાલ ઉપર આવતાં, મુખ્યત્વે ભાષાની ગવાહી ઉપર આધાર રાખે છે, કે જે બાબત ઉપર આગળ ચાલતાં આપણે કાંઇ બોલીશું. તે જણાવે છે કે, ગાથા દેખીતી રીતે વેદીક સંસ્કૃત ભાષાના જેવી જુબાનમાં લખાયલા છે, અને તે "ઘણાજ પુરાતન રીગવેદની લાંબા વખત પછીના" છે. (The Sacred Books of the East, vol. xxxi, p. 37.) હવે **રીગવેદને** ક્રાઇસ્ટની આગમજના ૪૦૦૦ વરસ જેટલા નજદીકના જમાનામાં તે બેહુંદી રીતે મુકે છે; અને તે જમાનાપર આધાર રાખી તે ગાથાને ઇ. સ. પુરવે ૧૦૦૦ કે તેથી ઘણે દુર, ૧૫૦૦ સુધીના જમાનામાં મુકે છે. આથી ત્યારે આપણે જમાનાના સંબંધમાં પાછળ હટવાનું પહેલું પગલું, ઇ. સ. પુરવે ૬૧૦ થી ૧૦૦૦, બલકે ખુદ ૧૫૦૦ સુધીનું લીધું. પણ ડાૅ૦ મીલસ કહે છે કે, તેઓ કદાચ એથી પણ વધુ પુરાતન હોય,—અને ખરેખર જોતાં, બેશક તેઓ તેમ છેજ. ૧૮૯૦ ના સાલમાં લખતાં, પોતાનાં એક છેલાં લખાણમાં, તે જણાવે છે કે, "ઇ. સ. પુરવે ૧૫૦૦ વાળી મુદત હજી પાછળ હટાવવામાં આવે, તેની સાંમે થવાનું મેં માંડી વાલયું છે; જો ગાથા મીથ્રની પરસ્તેશની આગમજના હોય તો, ... તેઓ કેટલા પુરાતન છે, તે કહી શકાતું નથી. તેઓની કોઇ પણ રીતની વાજબી તપાસ માટે છેલો રસ્તો એજ છે કે, તેઓના જમાના માટે કોઇ રીતની સાંકડી હદ બાબેના ખયાલો કરવાથી દુર રહેવું." (A Study of the five Zarathushtrian Gathas, Int., p. xix.)

ત્યાર બાદ જરમન વીદવાન ડાૅ૦ હાઉગે એ બાબતપર આપેલાં મતો ઉપર આવતાં, આપણને માલમ પડે છે કે, ઇ. સ. પુરવે ૩૨૯ માં સીકંદરે પરસીપોલીસના કેતાબખાનાંનો નાશ કીધો, તેની હકીક

ત પર પોતાનો આધાર રાખીને, તે ગાથાને વધુ પુરાતનપણું આપવાની તરફેણમાં લડે છે. તે એવી દલીલ લાવે છે કે, આવું એક મહાભારત કેતાબખાનું, સાહીત્યનો આવો જબરદસ્ત ઢગ એકઠો કરવા માટે, તે પુસ્તકો લખવા અને એકઠાં કરવા માટેજ જે વખત ગયલો હોવો જોઇએ, તે ધ્યાનમાં લેતાં, આપણને હજી વધુ પુરાતન જમાના તરપ જોવાની જરૂર છે. તે એવું ધારે છે કે, મજકુર પુસ્તકોનું લખાણ આશરે ઇ. સ. પુરવે ૪૦૦ના વરસમાં પુરૂં થયલું હોવું જોઇએ. તે વધુ એમ જણાવે છે કે, ઇ. સ. પુરવે ૧૦૦૦ પછી જરથોસ્તનો જમાનો મુકવો બની શકે એમ નથી, અને આટલા માટે તે ઇ. સ. પુરવે ૨૮૦૦ના જમાનાને વધુ લાયક ગણે છે, તો જો કે કદાચ તેથી પણ આગમજ તેનો જમાનો હોય, એમ તે જણાવે છે. (Essays on the Parsis, p. 136.) વળી આગળ ચાલતાં ડા૦ હાઉગ જણાવે છે કે, "કોઇ પણ સંજોગ વચ્ચે આપણે જરથોસ્તના જમાનાને ઇ. સ. પુરવે ૧૦૦૦ પછી તો મુકી શકયે નહી. એથી ઉલટુંજ, તેના જમાનાને છેક પુરાતન કાળમાં મુકી, તેને મુસા પેગંબરના જમાનામાં હૈયાતી ભોગવતો માનવાને આપણને કારણો મળે છે. પલીની જે મુસા અને જરથોસ્તને બે જુદી જુદી જાતની જાદુઇ ક્રીયાઓના સ્થાપનાર ગણી, તેઓનો મુકાબલો કરે છે, તે હજી પણ વધુ આગળ જઇ જરથોસ્તને મુસા પેગંબરની પણ હજારો વરપ આગમજ હસ્તી ધરાવતો જણાવે છે." (Essays on the Parsis, p. 299.)

આ પ્રમાણે આપણે જમાનાના સંબંધમાં ધીમે ધીમે આગળ વધયે છીએ, એટલે ઇ. સ. પુરવે ૬૧૦થી ૧૫૦૦ ઉપર, અને ૧૫૦૦ થી ૨૮૦૦ ઉપર આપણે આવી ચુકયા, અને કદાચ એ પેગંબરે જાહેર કીધેલી જગ આશકાર સચાઇઓનું પંહેલ વહેલું જાહેર સનમુખ રજુ થવું, એ કરતાં પણ પુરાતન જમાનામાં થયું હોય. યુનાની ગ્રંથકારોની શાહદત, જે આપણને મળી શકે છે,—અને જે હાલના આપણા જબાનશનાસોના વીચારો કરતાં વધુ પુરાતન જમાનાની હોવાને લીધે વધારે કીમતી છે,—તે હજી મજકુર જમાનાને વધુ દુર મુકે છે. દાખલા તરીકે, અરસ્તાતાલીસ (એરીસ્ટોટલ) મજકુર પેગંબરના જમાનાને પ્લેટોના વખતની ૬૦૦૦ વરસ અગાઉ મુકીને, તેને ક્રાઇસ્ટની પુરવે ૯૬૦૦ વરસ ઉપર હસ્તી ધરાવતો જણાવે છે, અને આપણે સાધારણ રીતે કહી શકયે કે, યુનાની તવારીખનવેશો એજ વીચાર ધરાવે છે. તેઓ જરથોસ્તનાં શીક્ષણો જાહેર થવાના જમાનાને ખ્રીસ્તી સનેની શરૂઆત આગમજનાં ૯૦૦૦ વરસને આશરે

મુકે છે. પુરાતન જમાનાની વીદ્યાઓને લગતું જ્ઞાન ધરાવનાર યુરોપયન અભયાસીઓની શોધ ખોળો જરથોસ્તી ધરમની શરૂઆતના જમાનાને બહુજ પુરાતન કાળમાં મુકવાની તકરારને ટેકો આપે છે. કારણકે જરથો-સ્તી દંતકથાને ખાલડીઆ, નીનીવેહ અને બેબીલોનની દંતકથાઓ સાથે જે સંબંધ છે, તે ધયાનમાં લેતાં, મજકુર દેશોમાં જે છેલી શોધ ખોળો થઇ છે તે આ સવાલ ઉપર કાંઇક રોશની નાખશે. લુસીફરના એક અંકમાં મરનાર મેડમ બલાવાટસ્કીનાં એક લખાણ ઉપર શરેહ કરતાં, જે દેશ ઉપર આ ધરમ એક વાર પુર ફતેહ સાથે કાબુ ધરાવતો હતો, તે દેશમાં થયલી કેટલીક છેલી શોધો માટે મેં જણાવ્યું હતું. ત્યાં આપણને એ દેશની તવા-રીખ, ક્રાઇસ્ટની પુરવના ૭૦૦૦ વરષ, બલકે તે શોધી કાઢનારના કહેવા પ્રમાણે કદાચ ૮૦૦૦ વરષ સુધીની, ખીલા રોકી હરફે લખેલી મલે છે. આ ખીલા રોકી લખાણનો તરજુમો કરવાનું કામ ચાલુ થઇ ચુકયું છે, અને જયારે તે પ્રગટ થશે ત્યારે, જરથોસ્તના ધરમનાં પુરાતનપણાને ટેકો આપ નારી, હાલનું સાયન્સ વટીક કબુલ રાખે એવી, શાહદત રજુ થશે એ બનવા જોગ છે.

ગુપ્ત વીદ્યા જરથોસ્તના ધર્મની શરૂઆતને ઘણાજ પુરાતન કાળમાં, ઉપલા સનેઓની જમાનાઓ આગમજ મુકે છે. ગુપ્ત વીદ્યા જાણનારાઓ બે જાતની શાહદતો ઉપર પોતાનો આધાર રાખે છે. પહેલી એ કે, મહાત્મા ઓનાં મોટાં મંડળે આ લખાણો,—ખુદ અસલ લખાણોને તેઓ લખાયાં હતાં તેજ વેલાએ લઇને જાળવી રાખ્યાં છે; આ લખાણોને જમીનની નીચે ગુપ્ત રાખેલા મીનારાઓ અને કેતાબખાનાંઓમાં જાળવી રાખ્યાં છે, કે જયાં કોઇ પણ દુશમન દાખલ થઇ શકે નહી, યા કોઇ પણ રીતનું નુકસાન તેઓને પહોંચી શકે નહી. ત્યાં જમાનાઓ સુધી દુન્યામાં જાહેર થતાં જ્ઞાનને તેના લેખીત આકારમાં એકઠું કરવામાં આવે છે, અને આજે એવાં કેટલાંક લોકો છે,—કેટલાંક મરદો અને ઓરતો,—કે જેઓને આ પુરાતન લખાણો માંહેલાં ઘણાંકોને તપાસી જોવાની રજા મળી છે; આ લખાણોનું જ્ઞાન પ્રપંચી તવારીખથી ભરેલી દુન્યામાંથી ગુમ થઇ ગયું છે; અને તે લખાણો એવી તો પુરાતન પવીત્ર જુબાનમાં લખાયલાં છે, કે જે જુબાન ઘણીજ પુરાતન પ્રજાની પણ કોઇ જુબાનથી તદ્દન જુદી છે. પણ ગુપ્ત વીદ્યા જાણનાર માત્ર આજ શાહદત પર આધાર રાખતો નથી; તે, જેને આપણે કેટલીકવાર આકાશમાં લખાયલા અમર હેવાલો કહયે છીએ, તેની ઉપર પણ પોતાનો મદાર બાંધે છે; મતલબ કે, એક એવું ચોક્ક

સ સાધન છે કે જે, ખાકી મીસાલ વાપડીને કહયે તો, તસ્વીર લઇ લેનાર આકરષણીક પ્લેટની માફક, દરેક બનાવ જે બને, તેને તેની તમામ બારીકે બારીક વીગતો સહીત ઉતારી લેય છે. ગોયા તે માણસનાં પ્રગટીકરણનો, દરેક બારીકે બારીક બનાવનો, એક આબેહુબ ચીતાર છે, કે જે, ઘટતો અભયાસ કરનાર, તથા એવી શોધ ખોલ્લુને માટે જરૂરની તરબીયત મેળવવાને રાજી હોય તેવા શખસો, ચાહે તો કોઇ પણ પળે વાંચી શકે, યા તેના હવાલા તપાસી શકે. આ રીતે એક પુઠી એક આવનાર દરેક શોધક મજકુર હેવાલ ખરો હોવાની ખાત્રી આપી શકે છે; આ ઘણાજ પુરાતન હેવાલોનો અભયાસ કરનાર ઉસ્તાદોની આપણી પાસે શાહદતો છે, કે જે ઉસ્તાદો માત્ર લખેલા હરફો વાંચતા નથી, પણ દરેક પુરાતન કાળમાં બની ગયલા બનાવને પોતાની નજર આગળ જીવતાં જાગતાં ખરાપણામાં, તે જેમ બન્યો હોય તેમજ, ગોયા જીંદગીથી જાનદાર થઇ હાલતો ચાલતો હોય તેમ જુએ છે. આ રીતે તવારીખના બનાવો જમાનાના વહેવા છતાં આપણી પાછળ આ મુજબ હઇયાતી ભોગવતા રહી જાય છે.

ઉપર જણાવેલા એહવાલો પ્રમાણે, આ ધર્મ જે હાલમાં જરથોરસ્તી અથવા પારસીઓના ધર્મને નામે ઓળખાય છે, તે મેં આગળ જણાવ્યું તેમ, આર્યન પ્રજાઓનો બીજો ધર્મ છે. પહેલું વંશ જે જન્મ ભુમીપરથી નીકળયું હતું, તેજ ભુમીપરથી બહાર પડીને, ઈરાનીઓ, હાલનાં ઇરાનની-જ નહી, પણ પુરાતન ઇરાનની હદ પણ સમાવી દેતા મોટા વીસતીરણ મુલકની સરહદની પશ્ચીમ બાજુપર આગળ વધયા;તેઓના આ પહેલા દેશાંતર વેળાએ તેઓના મોટા પેગંબર જરથોરતે તેઓની સરદારી લીધી હતી, કે જે જરથોરત, અસલ આખી એર્યન પ્રજામાં મનુ જે દરજ્જો ભોગવતો હતો, તેજ દરજ્જો ઇરાનીઓ દરમયાન ભોગવતો હતો. તે એકજ મહાત્માઓનાં મોટાં મંડળને લગતો હતો, અને તે મોટાં આશ્રમનો એક બહુ આગળ વધેલો આતમજ્ઞાની હતો, એટલુંજ નહી પણ, તેના શીક્ષકો પણ આતશ-પુત્રો (યોગ-પુત્રો=ફરેસ્તાઓ) હતા. તમારામાંના ઘણાકોએ **સીકરેટ ડોકટરીન**માં આપેલો ઝયાનનાં ઘણાંજ પુરાતન પુસ્તક માંહેનો, આ આતશ-પુત્રો, જેઓ સઘળા મોટા યોગીઓના ગુરૂઓ હતા, અને જે યોગીઓ રોશનીના ઉસ્તાદો કહેવાતા હતા, તેઓ માટેનો હેવાલ વાંચ્યો હશે. જરથોસ્ત, ઇરાન્યન નાયબ-પ્રજાની શરૂઆતમાં, તેઓના શીક્ષક તરીકે, તેઓમાં ઉગી નીકળનાર સુધારાને બરના આકારમાં પુરાતન સચાઇઓ આપવાને આવ્યો હતો. ઇરાનીઓમાં જે ધોરણે મનની ખીલવણી થનરા

હતી, તે ધોરણને બંધ બેસતો, અને જે નેમથી અને જે ધોરણોએ બીજી પ્રજાઓને બીજા ધરમો મળયા, તેજ નેમ અને ધોરણે ઇરાની પ્રજાને ખીલવવા, કેળવવા અને તરબીયત આપવામાં લાયક થઇ પડે એવો આકાર તેણે રજુ કીધો. આ મહાન ગુરૂ—કે જેનો સને એટલા તો પુરાતન કાળમાં શરૂ થાય છે, કે તે તરપ્ જબાંનશનાસો, કદાચ ટકોરથી હસે, તે—ની પછી પેગંબરોની એક સંખ્યા અકેક પછી ઉતરી, કે જે પેગંબરોએ ઇરાંની પ્રજાની પહેલ વહેલી ખીલવણી ઉપર નેગેહબાની કીધી; અને અહીં મારે તમને યાદ આપવી જોઇએ કે, જયારે આપણે પેગંબરોની એક સંખયા માટે બોલયે ત્યારે, દરેક પેગંબરને એક તદન જુદોજ નર સમજવાની ભુલ કરવી નહી, કારણકે તમે તમારા પોતાના પુરાતન એહવાલોપરથી જાણો છો તેમ, એકજ રવાન એકજ કામને માટે વારંવાર, વખતોવખત જન્મ પામતું હતું. આવા નરો, વેદ વ્યાસ કહે છે તેમ, પૃથવી ઉપર એકવાર જન્મ લેતા નથી, પણ ઘણા જન્મો લેય છે; કારણકે તેઓ હંમેશ પૃથવીના સંબંધમાંજ રહે છે, હરદમ માણસનાં મીનો પ્રગટીકરણ ઉપર નેગેહબાની રાખે છે, અને વખતે વખત, કોઇ કોઇ જમાનામાં પ્રત્યેક જમાનાને બંધ બેસતાં શરીરમાં, એકજ ગુરૂ, એકજ મુકતી પામેલું રવાન, તે એકજ શીક્ષક, માણસ જાતના સહુન મારી ગયલા કાનને મીનોઇ એકતાનો ગોયા ખયાલ આપવા માટે, એકનું એક નામ ફરી ફરીથી લઇને, પ્રગટ થાય છે. અને આ પેગંબરોની હાર, બલકે આ પેગંબરને ધીમે ધીમે તપાસતાં, આપણે જયાં યુનાની દંતકથા શરૂ થાય છે, ત્યાં આવી અટકયે છીએ; જેમ કરતાં આપણને માલમ પડે છે કે, અરસ્તાતાલીસ, જેને આપણે ક્રાઇસ્ટનો સને કહીએ છીએ તેની ૯૬૦૦ વરષ આગમજ હસ્તી ધરાવતા જે જરથોસ્ત માટે લખી જાય છે, (અલબતે, અરસ્તાતાલીસ પોતાનો સને ક્રાઇસ્ટપરથી નહી પણ પલેટો પરથી ગણે છે) તે, જેમ યુનાનીઓ માનતા હતા, અને હું ધારૂં છું કે હાલના ઘણાક પારસીઓ પણ માને છે તેમ, પહેલો જરથોસ્ત ન હતો, પણ અસલ જરથોસ્તથી ઉતરેલો તે સાતમો પેગંબર હતો. જયારે અસલ જરથોસ્તનાં શીક્ષણો પડી ભાગવાની ધાસ્તીમાં આવી પડયાં, અને ધીમે ધીમે ડુબવા લાગયાં, ત્યારે તેમને પાછાં સજીવન કરી લોકોનાં મન ઉપર એકવાર ફરીથી ઠસાવવાને માટે તે શીક્ષકોની હારમાં સાતમા શીક્ષક તરીકે આવ્યો હતો. ત્યાર પછી વળી આશરે ઇ. સ. પુરવે ૪૦૦૦ ના વરષમાં એક બીજો જરથોસ્ત જન્મ પામયો, જેણે અસલ ધર્મને પાછો સજીવન કીધો, મુળ સચાઇઓ એકવાર ફરી રજુ કીધી, અને ઇશવરી સત્તા સાથ, અને પવીત્ર આતશ જે ખોદાનું અલંકારીક રૂપ અને ખરેખર

ઇશવરી અવાજજ છે તેની મદદથી તેઓને જાહેરમાં મુકી. પેગંબરોની આ હારનો અભયાસ કરતાં આપણને માલમ પડે છે કે, જેને આપણે "મોટાં સાયન્સ" અથવા ખાલડીઅન લોકોનાં "જાદુ" તરીકે ઓળખયે છીએ તે, આ પુરાતન મજહબમાંથી જન્મ પામ્યું હતું. આપણે જાણ્યે છીએ કે, પુરાતન કાળના મેજાઇ લોકો આંજ પુરાતન મજહબના ધર્મ ગુરૂઓ અને શીક્ષકો હતા, અને—કદાચ મારા આ કહેવાથી હાલના કેટલાકો ચોંકશે કે,—લગભગ ૨૦૦૦૦ વરષની વાત ઉપર જે ખાલડીઅન વીદ્વાનો પોતાની વેધશાળા (સેતારાઓનાં અવલોકન માટેનાં મકાન)નાં છાપરાં પરથી સેતારાઓની હીલચાલ તપાસીને નોંધી લેતા હતા, તે વીદ્વાનો મુકાબલાની રીતે તપારતાં મેજાઇ લોકોનાં વંશની લાંબી હારમાંથી ઉતરેલા ગોયા અરવાચીન કાળના વંશજો હોય, કહો કે જરથોસ્તી મજહબની ઘણીજ પુરાતન દંતકથાના અરવાચીન પ્રતીનીધીઓ હોય તેમ હતા; (આ ઉપરથીજ અસલ મેજાઇઓ કેટલા પુરાતન કાળમાં થઇ ગયા હશે તેનો ખયાલ આવશે.)

હવે આપણે આગળ વધ્યે અને જરથોસ્તનાં શીક્ષણોને તેઓના લગાર પુરાતન આકારની રોશનીમાં તપાસ્યે, તો જોકે હાલના વીદ્વાનો તરફથી એવી તપાસ છેલાં કેટલુંક થયુંજ થવા માંડી છે; એમ કરતાં આપણને માલમ પડે છે કે, એવાં લખાણોમાં અસલ સચાઇઓ છુપી હોવા છતાં તે ઓલખી કઢાય છે; અને જોકે ઘણીક સચાઇઓને હાલના આકારમાં બગાડી નાખવામાં આવી છે, તેની મતલબને જડવાદી અર્થે મુકી દીધી છે, અને અસલ સચાઇને ઘણે દરજજે હલકી પાડી છે, છતાં એક આત્મગ્નાની તેઓને તુરત પીછાની શકે એમ છે. હજી પણ આ પુરાતન મજહબ મુજબ ચાલનારાઓને તે આ સચાઇઓ દેખાડી શકે, અને હાલના પારસીઓને, જે ઇશ્વરી સાલેકે તેઓનો ધર્મ સ્થાપ્યો, તે પુરાતન પેગંબરને નામે વીનંતી કરી શકે કે, હાલનાં જડવાદથી ઉંચો દરજજો એખ્તયાર કરીને, હાલના પશ્ચીમ તરફના વીદ્વાનોની અતી સાંકડી હદ કુદાવીને, દુન્યાના મજહબોમાંના એક સૌથી પુરાતન મજહબ તરીકે પોતાના ધર્મ માટે હકવાજબી દાવો ઉઠાવવો. પશ્ચીમ તરફના વીદ્વાનો તરફથી થતી દરેક ઝડપી સુચના કબુલ રાખી દઇ પોતાને હલકી પંકતી પર લાવી મુકવાને બદલે પારસીઓએ પોતાને કદીમ ભેદી દંતકથાઓ સાથે જોડેલા રાખવા જોઇએ.

આટલી એક બાબત, જે આપણે ભાષાને કાયદે પુરવાર કરીશું, તે

યાદ રાખવાની જરૂર છે કે પુરાતન ઇરાંનીઓ સેમીટીક નહીં પણ આર્યન હતા. આ એક તકરારી બાબત છે, અને અહીં ગુપ્ત ગ્નાન તરફની તકરારને ખુદ ભાષા કેવી રીતે ટેકો આપે છે તે આપણે જોઇશું. અલબતે, પાછ લથી સેમીટીક ભેલસેલ થયલી આપણે કબુલ રાખ્યે છીએ. પણ ઇરાનીઓ અસલ આર્યન પ્રજામાંથી ઉતરેલા છે અને હીમાલયની દક્ષીણ બાજુપર વસ્તી આર્યન પ્રજાની ભાઇબંધ પ્રજા તરીકે ગણાવા જોઇએ.

દરેક મજહબના મુળ પાયાને જરૂરનાં તત્વો, જેમાં પાછલા જમાનાઓમાં વધારો કરવામાં આવે છે, તેવાં મુળ શીક્ષણો આપતાં, પહેલા જરથોસ્તે ફીલસુફી અને ધર્મને બહુજ જાણવાજોગ રીતે જોડી નાખ્યાં. પોતાની ખાસ્યતમાં તદન સાદી ખેતીવાડી સંબંધી જીંદગીને બંધબેસ્તા, જીંદગીની અનુભવીક બાજુના ખ્યાલથી પુરેપુરા સજ થયલા, માણુસને એક ઉત્તમ મજહબ અને ઉમદા નીતી રીતીમાં અનુભવીક રીતે કેળવવાને લાયક થઇ પડે એવી ખાસ ઢપના સુધારાની સ્થાપના કરવા આવતાં, જરથોસ્તે આતમગ્નાનને લગતી ફીલસુફી અને ધર્મના જાહેર તરીકાને જોડી નાખીને તે, લોકો સન્મુખ રજુ કીધાં નહીં. પણ તેણે એ બંનેને એવી તો સરસ રીતે અકેકમાં ગુંથી નાખ્યાં, કે તે બંનેને છુટાં પાડી તેઓનો એહવાલ આપવો તદન મુસ્કેલ છે. તેની આખી ધર્મ-રીતીનો ઉતમ ખ્યાલ તેના રસ્તા મુજબ ચાલવાથી અને ફીલસુફી અને ધર્મને એકજ બંધનમાં લઇ તેમનો અભ્યાસ કરવાથીજ આવી શકશે. ભવીષ્યમાં ઉગી નીકલનાર ખાસ સુધારા માટેની આગાહી હોવાથી, તેણે ફીલસુફી અને ધર્મ-ગ્નાનથી ભેલાયલાં ખગોલ વીદ્યાનાં ગ્નાનનો મોટો ભાગ લોકોને શીખવ્યો; અને-ખેતીવાડીમાં રોકાયલાં લોકો માટે અગત્યનું-આ ખગોલ વીદ્યાંનું ગ્નાન, હાલના જમાનામાં જે કઢંગો, અધુરો આકાર ધરાવે છે, તે આકારમાં નહી પણ, ભેદી ગ્નાન સાથના આકારમાં તેણે રજુ કીધું; સેતારાઓ તેને મનથી, હાલ જેમ માનવામાં આવે છે તેમ, જીંદગી વગરના બેહોશ સુરયોની આસપાસ હોશ વગરના કાયદાઓથી ફરતા ખાકના ગોળા ન હતા. તેને મનથી સુર્યની આસપાસ ફરતા ગ્રહો અને ઉંચાંમાં ઉચાં આકાશોપર હસ્તી ધરાવતા સેતારાઓ મીનો શકતીઓનાં શરીરો હતાં, કે જેઓની ઇચ્છા શકતી તેઓને ચલાવનાર કાયદો હતો, અને જેઓનાં ગ્નાનથી જગત પાયદાર રહી શકતું હતું. તેણે જીવ વગરની ખાક, અને હોશ વગરની શકતીઓને લગતી ખગોલ વીદ્યા નહી, પણ સંપુરણ ડહાપણ અને મકમ ઇચ્છા શકતીથી દોરવાઇને ફેરફાર વગરના નીયમીત મારગમાં ફરતી જાનદાર શક

તીઓને લગતું જ્ઞાન આપનારી ખગોળ વીદ્યા લોકોમાં જાહેર કીધી. તેણે
શીખવેલી ખગોલ વીદયા મીનો દાનાઇની જાનદાર ભેદી વીદયા હતી, કે
જે તેનાં સઉથી હલકામાં હલકાં રૂપ તરીકે આ બાકી જગતના આકારમાં
પ્રગટ થયલી હતી. જરથોસ્તે શીખવેલી ધર્મ સંબંધી ફીલસુફી અને વીદ
યાને લગતી રીતીમાંથી નીતી શાસ્ત્રનું એક એવું ધોરણ જનમ પામયું કે
જે આજ સુધી જરથોસ્તી મજહબની કીરતી ગણાય છે. સંપુરણ અમલ
રૂપી અશોઈ આ નીતીની મુળ ચાવી છે; સાધારણ જીંદગીનાં દરેક કામકા
જમાં અશોઇ, જાહેર જગતના સંબંધમાં થતાં દરેક કામમાં અશોઇ, ખો
દાઇ પરહેઝગારીનાં પ્રગટ રૂપો તરીકે સઘલાં જાહેર તત્વોને માન આપવું,
અને જે સરવવ્યાપક જીંદગીમાંથી તમામ કુદરત પેદા થઇ છે, તેની તર
ફનાં માનની ઇધાંની તરીકે મજકુર તત્વોને તેઓની ડાઘ વગરની સ્વચ્છતા
માં જાળવી રાખવાં, એ અશો જરથોસ્તે શીખવેલી નીતીની મુળ ચાવી
હતી. આપણે આગળ ચાલતાં જોઇશું કે આ સઘળાં જરથોસ્તનાં મુખય
ફરમાનો છે, પણ તેઓને એક પછી એક ધયાનમાં લેવા પહેલાં ભાષાને
લગતા સવાલને આપણે ઉપર ટપકેથી તપાસી જઇએ, કારણકે આપણા હા
થમાં બાકી બચેલાં પુસ્તકોમાંનાં લખાણને આપણે તપાસવા શકતીવાન થ
ઇએ, તે પહેલાં ભાષાને લગતો સવાલ થોડે દરજજે પણ આપણે સમજ
વો જોઇએ.

મેં આગલ જણાવયું છે કે, જરથોસ્તી મજહબની ભાષાનું સૌથી
પુરાતન રૂપ, જે અવસ્તા જબાંન તરીકે ઓળખાય છે તે જરથોસ્તી મજ
હબનાં કદીમપણાં માટેનાં ગુપ્ત વીદ્યાનાં મતને ટેકો આપે છે; કારણકે યુરો
પ્યન આલમાઓની ગવાહી—એ ગવાહી જયારે પણ ગુપ્ત વીદ્યાના મતને મળ
તી હોય છે ત્યારે હું તે ખુશી સાથે કબુલ રાખુંછું તે—મુજબ અવસ્તા
ભાષા, તેની હાલની હાલતમાં પણ એક આર્યન ભાષા છે, અને વેદની સં
સ્કૃત ભાષાને મળતી છે. આ દેશમાં સંસ્કૃત ભાષાની ખીલવણી દરમ્યાન
તેમાં ઘણોક ફેરફાર થયો છે, જે ફેરફાર વેદની અસલ સંસ્કૃત અને પાછલા
જમાનાની સંસ્કૃત ભાષા વચ્ચે ખુલો માલમ પડે છે; પણ અવસ્તા અસલ
વેદની સંસ્કૃત ભાષાને મળતી જુબાંન છે, [Essays on the Parsis,
p. 70] અને તે સંસ્કૃત, જરમન વીદ્વાન ડા૦ હાઉગના જણાવયા મુજબ
અવસ્તાની વડી બેહન છે. [Essays on the Parsis, p. 40] આ
બે ભાષાઓ વચેનું મળતાપણું માત્ર શબ્દોપરજ આવીને અટકતું નથી,
પણ બીજી કેટલીક બાબતોમાં વટીક એકસરખું મળતાપણું ખુલું નજરે પડે

છે. જરથોસ્તી ગાથા અથવા ઇશ્વર-સ્તુતીના કલામો સામ-વેદને મળતાંજ મીઝાન (છંદ-Metre) માં લખાયલા છે. તેઓના અનુપ્રાસ, પદ અને ભણવાની રીતી, હીંદુઓમાં હજી સુધી ચાલુ રહેલા અનુપ્રાસ, પદ અને ભણવાની રીતીને તદન મળતી છે. આથી ગાથાની તપાસ કરતાં આપણને એવું માલમ પડે છે કે, કદીમ જમાનાનો તેઓ ઉપર છાપ પડેલો છે, અને યુરોપ્યન ઓલમાઓનાં મતને એક કોરે રાખી, વેદના અને હીંદુઓના જમાનાને જેમ આપણે પુરાતન કાળ ઉપર લઇ જઇએ છીએ, તેમ જરથોસ્તી મજહબના જમાનાને પણ તેમની જોડે બહુ પુરાતન વખત ઉપર લઇ જવા શકતીવાન થઇએ છીએ, જેમ કરતાં, આ બંને પ્રજાઓ ઘણાજ કદીમ જમાનામાં જેમ એકમેક સાથે જોડાયલી હતી, તેમ આપણા બચાવમાં આ બંને ધરમોને એકમેક સાથે જોડાયલા રાખવા જોઇએ. આજ પ્રમાણે વલી જો એક પળવાર આપણે ગુપ્ત વીદ્યાના એહવાલો તપાસ્યે તો માલમ પડશે કે, આ કલામો અસલજ છે. કદીમ દુન્યાના આ કલામો, જેઓની અસર ગેબી ભુવન ઉપર થાયછે, જેઓ ઉતરતા પ્રકારની હોશદાર શકતીઓને પોતાના કાબુમાં લઇ શકે છે, અને ઉંચ પ્રકારના યઝદો તરફ રંગ અને ગાયનની જુબાનમાં ઉંચે ચઢેછે,–તે ગાથા કલામો અસલ સ્વરમાં ગાવામાં આવતા હતા, અને આજે જોકે જરથોસ્તી મોબેદો તેની ઢપછાપ ખોઇ બેઠા છે, છતાં આકાશી હેવાલોમાં તેનો પડઘા (ઢપછાપ) આજે પણ માલમ પડે છે. આપણી તપાસ ઉપર ટપકેની હોવાથી, અવસ્તા ભાષાની બાબત છોડી હવે આપણે તકરારી થઇ પડેલા શબ્દ "ઝંદ" ઉપર આવ્યે. આ શબ્દ કેટલાકો ભાષાને લાગુ પાડે છે, જ્યારે કેટલાકો તેને પાછલા જમાનામાં લખાયલી શરેહને લાગુ પાડે છે, તોપણ યુરોપ્યન ઓલ્માઓ આ સવાલ ઉપર કેટલી રોશની ફેંકે છે તે જોઇએ. તેઓમાંના કેટલાકો કહે છે–અને તે કહેવું હાલના પારસીઓ કબુલ રાખે છે–કે, ઝંદ એ અસલ લખાણોના પાછલા જમાનામાં થયલા પહેલ્વી તરજુમા અને શરેહ સીવાય બીજું કાંઇ નથી. મુકાબલાની રીતે કહેતાં, જેને આપણે અર્વાચીન કાળ કહીએ, તે કાળમાં સાસાન્યાન જમાનામાં થયલા તરજુમાને માત્ર ઉપલો શબ્દ વારંવાર લાગુ પાડવામાં આવે છે. પણ આપણે જોઇને ખુશી છીએ કે, કેટલાક યુરોપ્યન વીદ્વાનો ઝંદ શબ્દને **અવસ્તા** ભાષામાંજ લખાયલી અસલ શરેહને લાગુ પાડે છે, અને તેમ કરતાં વેદની સંસ્કૃત ભાષાને મળતી–અવસ્તા–ભાષાના જમાનામાં એટલે ઘણાજ પુરાતન વખતમાં ઝંદ

ભાષાના જમાનાને મુકે છે. ડા૦ હાઉગ કહેછે કે, "પહેલ્વી તરજુમો કરનારા ઓએ જે રીતે અવસ્તા અને ઝંદ શબ્દો વાપડયાછે, તે ઉપરથી આપણે સલા મત રીતે આ અનુમાન ઉપર આવી શકયે કે, તેઓએ જણાવેલી ઝંદ, તે તેઓએ કીધેલા તરજુમાની અગાઉની હસ્તી ધરાવતી અવસ્તા ઉપરની કોઇક શરેહ હતી; અને તેને તેઓ પવીત્ર ગણતા હતા તે ઉપરથી માલમ પડે છે કે આ ઝંદ અસલ અવસ્તા ભાષામાંજ હોવી જોઇએ......પેગંબર જર થોસ્ત અને તેના શાગેર્દોનાં પવીત્ર લખાણો ઉપર તેઓની પછી આવ નારાઓએ કીધેલી શરેહને પહેલાં ઝંદ નામ આપવામાં આવ્યું હતું. આ શરેહો અસલ ટેકસ્ટનાજ જેવી જુબાનમાં લખાયલી હોવી જોઇએ, અને પાછળથી ધીમે ધીમે અસલ ભાષા ધર્મગુરૂઓ શીવાય બીજાઓનાં ધ્યાનમાં ઉતરવી કઠણ થઇ પડવાને લીધે, શરેહોને અસલ ટેકસ્ટના ભાગ તરીકે ગણવામાં આવી હોય, અને એક નવી શરેહ અથવા ઝંદની જરૂર પડી હોય. આ નવી ઝંદ સાસાન્યાન જમાનાના ઘણાજ વીદ્વાન મોબેદોએ પહેલ્વી ભાષામાં તરજુમા રૂપે પુરી પાડી, કે જે ભાષા તે જમાનાની ઇરા નની ચાલુ ભાષા હતી; અને પાછલા જમાનાઓમાં આ તરજુમાઓનેજ માત્ર ઝંદ શબ્દ લાગુ પાડવામાં આવ્યો." [Essays on the Parsis, pp. 120, 122.] હાલના વીદ્વાનોની ગવાહીને બદલે જો ગુપ્ત વીદ્યાનીજ શાહદત એકવાર ફરી આપણે તપાસ્યે, તો માલમ પડશે કે, ઝંદ એક શરેહ હતી એ તકરાર મોટે ભાગે ખરી છે. કારણકે આપણને માલમ પડશે,—અને અહીં આપણને મેડમ એચ. પી. બ્લાવાટસ્કીની શાહદતની જરૂર છે, કે જેવણ પોતાના ઉસ્તાદના હાથ તળે મેળવેલાં પોતાનાં ગ્ના નનેજ આધારે સઘલું જણાવતાં હતાં,—કે આ શરેહ, ઇરાનીઓની આ અસલ ઝંદ, તે આ લખાણની શરૂઆતમાં જણાવેલી પુરાતન પવીત્ર ભાષામાંથી નીકળેલી એક જુબાનમાં લખાયલી શરેહ હતી. કારણકે સઘળા ગુપ્ત વીદ્યા જાણનારાઓને જાણીતી એક ભાષા છે, કે જે ભાષા અક્ષરોની —આપણી સાધારણ ભાષાઓ જેવા અક્ષરોની બનેલી છે તેવા અક્ષરોની— બનેલી નથી, પણ તે ભાષા નીશાંનીઓ, આલાતો, રંગો, અને અવાજોની બનેલી છે, અને તે ગાયન રૂપે ગવાઇ નીકલે છે, યા રંગોમાં પ્રકાશી નીક ળે છે, અને પોતાની જાતના ખાસ આકારો ધારણ કરે છે, કે જે આકારો ઉપરથી ગુપ્ત વીદ્યા જાણનાર તુરત તેને વાંચીને અકલી દુન્યાની સાધારણ ભાષાઓમાં તેનો તરજુમો કરી શકે છે. તેને કેટલીકવાર ઝનઝાર કરી કહે વામાં આવે છે. કેટલીકવાર તે દેવ-ભાખ્યનાં નામ હેઠળ ઓળખાય છે.

એચ. પી. બ્લાવાટસ્કી ઝંદ માટે નીચે મુજબ જણાવે છે: "તેનો અર્થ, ચોકસ મતલબે બરાબર સમજાવ્યા મુજબ, એક શરેહ અથવા ટીકા થાય છે; પણ તેની એક બીજી પણ મતલબ ઉભી થાય છે, કે જે માટેનો યુરોપયન વીદ્વાનોને સહેજ ખ્યાલ વટીક નથી. આ મતલબ તે "ગુપ્ત વાકયોની સમજ" કરીને છે, યાને પુરાતન હીંદુસ્તાનના યોગીઓમાં વપરાતી પવીત્ર ભાષા-ઝંન-દ-ઝાર ટેકસ્ટ-નો ખરો અર્થ છુપાવવા માટેનો પરદો કરી થાય છે. કેટલાંક નહીં ઉકલાવી શકાય એવાં કોતરકામોમાં આજે પણ મળી આવતી એ ભાષાનો પુર્વ તરફના યોગીઓનાં છુપાં મંડળોમાં હજી પણ ઉપયોગ અને અભ્યાસ થાય છે, અને જગયાની રૂઢી મુજબ તેને ઝંન-દ-ઝાર કે બ્રહ્મ અથવા દેવ-ભાષ્યને નામે ઓળખવામાં આવે છે. ઝંદ ટેકસ્ટ એ અસલ લખનારાઓના ચોકસ શબદો તથા વાકયોનો છુપો સંગ્રહ છે, અને તેની ચાવી માત્ર યોગીઓ પાસેજ રહેછે." [ધી થિઓસોફીસ્ટ, પુ. ૪થું, પાનું ૨૨૪.] આ ભાષાને ઘણાંક નામો આપવામાં આવ્યાં છે, પણ નામો સાથે આપણને કામ નથી, કેમકે જુદી જુદી ભાષા મુજબ નામમાં ફેર પડેછે. પણ અગત્યની બીના આ છે કે, એવી એક ભાષા હૈયાત છે અને દશ લાખ વર્ષની વાત ઉપર જે રીતે તે જણાયલી હતી તેજ રીતે આજે પણ આપણને તે જણાયલી છે; તે વખતે જેમ લોકો એ ભાષા શીખતાં હતાં, તેમજ આજે પણ તેશીખાય છે; એ ભાષામાં ગુપ્ત અને ભેદી ગ્નાનના સબકો આપવામાં આવ્યા છે; તે સબકો ખાકી જબાંનથી બોલી જવામાં આવતા ઢંગઢડા વગરના અવાજોમાં નથી; અને તે ભાષામાંથી નીકલેલી બહુ પુરાતન જમાનાની બીજી ઘણીએક ભાષાઓમાં તેમાંની સચ્ચાઇઓના તરજુમા થયલા છે. વેદીક સંસ્કૃત તે પુરાતન ભાષાનો બહુજ કદીમ જમાનામાં ઉત્પન થયલો પડઘા છે, અને ઇરાન્યન ઝંદ ભાષા પણ તેજ મુળ, તેજ અસલ બીમાંથી નીકલેલી છે. આગલ આવતાં, જયારે પહેલ્વી તરજુમાઓ તરફ આપણે આવ્યે છીએ ત્યારે માલમ પડે છે કે, જેને સાધારણ રીતે તવારીખી જમાનો કરી કહે છે, તે જમાનાની હદમાં આપણે આવી લાગ્યા છીએ. પહેલ્વી શબ્દને હમણાં, "સાસાન્યાન જમાનામાં ઇરાનમાં વપડાતી ભાષા, અને તે અને તેની પછીના થોડાક વખત સુધીમાં લખાયલાં સાહીત્ય" ને લાગુ પાડવામાં આવે છે, [Essays on the Parsis, p.81.] પણ વધુ આગલા વખતમાં તેને સામાન્ય રીતે પુરાતન ઇરાંની ભાષાને લાગુ પાડવામાં આવતો હતો. એ ભાષામાં કેટલાક સેમીટીક શબ્દો, સેમીટીક અસરની કેટલીક નીશાંનીઓ માલમ પડે છે, અને તેટલા માટે એવું અનુ

માન કરવામાં આવે છે કે, આ અસર ક્રાઇસ્ટની પુર્વે ૬૦૦ ના વરસના જમાના સુધીમાં થયલી હોવી જોઇએ. [Essays on the Parsis, p. 81.] તેમાં કાંઇ જીવ જેવું નથી, કારણ ક્રાઇસ્ટની પુર્વેનાં ૬૦૦ વર્ષની વાત ઉપરનો જમાનો એક ગુપ્ત વીદ્યા જાણનારને મનથી ગોયા હાલના જમાના જેવો છે. તે સદીઓ સાથે નહીં પણ લખો વર્ષોની સંખયા સાથે ગણત્રી રાખે છે, અને તેટલા માટે પાછલા જમાનામાં થયલી સેમીટીક અસરની આ નીશાંનો, પુરાતન જરથોસ્તી મજહબના કદીમપણું બાબેના તેના વીચારોમાં સહેજ પણ ખતરો નાંખી શકતી નથી. ભાષાનો આ સવાલ, જે ઉપર ઘણું લંબાણુથી બોલી શકાય અને જે બીજી ઘણીક અગત્યની બાબતો સાથે નીસબત રાખે છે, તે છોડી આપણે એક બીજા અગત્યના અને તકરારી સવાલ ઉપર આવ્યે, કે જે સવાલને બેદરકારીથી નાખી મુકવામાં આવ્યો છે. ખાલડીઅન દંતકથા, જે ગ્રીક પ્રજાની મારફતે આજ સુધી જલવાઈ રહી છે, તે જોકે જરથોશતી ધર્મથી જુદી પાડી દુર કરવામાં આવતી હોય તો પણ તે બહુ અગત્યની છે. ગ્રીક પ્રજાની મારફતે ઉતરી આવેલી આ ખાલડીઅન દંતકથા નીચે મુજબ ઊતપન થયલી ધારી શકાય. આટલું તો કબુલ કરવામાં આવે છે કે, સીકંદરના વખતમાં પરશી પોલીસ ખાતે એક મહાભારત કેતાબખાનું હતું, કે જે કેતાબખાનાંને તેણે યાતો કીનામાં કે છાકટપણામાં બાલી નાખયું. આટલાજ માટે જરથોશતી મજહબને લગતાં પાછલા જમાનાનાં સઘલાં લખાણોમાં તેને "દુષ્ટ સીકંદર"ને નામે ઓલખવામાં આવ્યો છે. હવે આટલી ગવાહી ચોકસ છે કે, મજકુર કેતાબખાનું બાલ્યું તે વેલાએ આખાં જરથોસ્તી સાહીતયના બે સંપુર્ણ સટ મોજુદ હતા. તેઓમાંનો એક સટ પેલાં કેતાબખાનાંમાં હતો, અને તે "દુષ્ટ સીકંદરે" બાળી નાખયો. પણ બીજો સટ ફતેહમંદ ગ્રીક લોકોએ પોતાના કબજામાં લીધો, અને તેનો પાછલથી ગ્રીક ભાષામાં તરજુમો કરવામાં આવ્યો. આ સઘલાંનો ઘણોજ થોડો ભાગ આજે બચેલો છે, અને તેના કાંઇક કકડા બુકલા "નેબેથીઅન એગ્રીકલચર" માં જલવાઈ રહયા છે; નીઓ-પ્લેટોનીક લખનારાઓ જેઓ "જરથોસ્તની ઇશ્વરી વાણી" અને તે પેગંબરનાં ફરમાંનો માટે વારંવાર પોતાનાં લખાણોમાં ઇશારા કરે છે, તેઓનાં લખાણોમાં મજકુર સાહીતયના કાંઇક ફકરા ટાંકેલા નજરે પડે છે. ગ્રીક સાહીતયમાં જલવાયલો પુરાતન સબકોનો બાકી બચેલો આ ભાગ સત્તાદાર ગણાતી જરથોસ્તી દંતકથાને મજબુત કરવા ઉપરાંત તેના ઘણાક ભેદ ભરમોનો ખોલાસો આપે છે. શા માટે તયારે

જરથોસ્તી મજહબનું પુરાતનપણું સાબેત કરવાની કોશેશમાં આ મદદ કબુલ રાખવામાં ન આવે ? આ બીજી બાજુથી ઉતરી આવતી શાહદત જ્યારે અસલ શાહદતની સાથેજ ગુંથાઇને એક થયલી છે ત્યારે હાલના પારસીઓએ તેને કબુલ કાં નહીં રાખવી ? યુનાની ગ્રંથકર્તાઓએ જાલવી રાખેલા આ કકડા બુકલા, યુનાની પ્રજાનાં સાહીત્યથી ટેકો પામેલાં આ લખાણો હજી પણ અસલ જરથોસ્તીપણાંથી ભરપુર છે, અને કદીમ જમાનામાં જરથોસ્તે આપેલા બોધ રૂપી ભેદોનો ખોલાસો આપે છે.

હવે આપણે જરથોસ્તી ધમનાં સાહીત્યને લગતી બાબત ઉપર આવ્યે, અને તેના સંબંધમાં આપણુને શું જાણવાનું મળે છે તે જોઇએ. આ સાહીત્યમાં પહેલી યજશ્ને છે, જેનો સૌથી પુરાતન ભાગ ગાથાનાં પુરાતન કીર્તનોનો બનેલો છે, કે જે કીર્તનો મહાન પેગંબર ખુદ જરથોસ્તના મુખથી બહાર પડયાં હતાં. તેઓ હાલમાં સંખ્યામાં પાંચ છે, અને માત્ર બાકી રહેલા કકડા બુકલા તરીકે તેઓને ગણવામાં આવે છે, છતાં તેઓ દબદબા ભરી, ઉમદા અને બુલંદ ઢપે લખાયલા છે, જે અસલ બોધના ઉમદાપણાંની ગવાહી આપે છે. આ યજશ્નેનો મુખય ભાગ છે; બીજો ભાગ બંદગીઓ અને ક્રીયાઓ વીષે રોકવામાં આવ્યો છે, કે જે બંદગીઓ કાદેર ખુદાનેજ માત્ર નહીં, પણ તેની હેઠલ દરજજો ધરાવતા મીનો મંડળના સઘળા બળવાન યઝદોને અરપણ કરવામાં આવી છે. કારણ કે હાલનું જડવાદ મત જેમ ખોદાને જગતને એક છેડે તથા માણસ અને દુન્યાને જગતને બીજે છેડે મુકી વચે ખુલી અને ખાલી જગ્યાનો જે મોટો ખાંચો રાખે છે, તેમ પુરાતન જરથોસ્તી મજહબે શીખવ્યું નથી. જેમ બીજા પુરાતન ધર્મો પ્રમાણે તેમજ જરથોસ્તી મજહબ મુજબ આખાં જગતમાં એક પણ એવો ખાંચો નથી, સહેજ પણ એવી ખાલી જગ્યા નથી, કે જયાં હોશદાર હૈયાતીઓ વસ્તી ન હોય, અથવા મીનો હસ્તીઓ કામ કરતી ન હોય; એક સીડીને તળયે માણસને ઉભો રહેલો ધારતાં અને કાદેર ખોદાને તેને મથાળે ધારતાં, વચ્ચેનાં સઘળાં પગથ્યાં અકેકથી ચઢતા પ્રકારની, વધારે અને વધારે ઇશ્વરી શકતીઓથી ભરાયલાં હતાં, અને આ સઘળી ઇશ્વરી શકતીઓ આરાધના કરવા લાયક ગણાતી હતી. યઝદોની આરાધનાને લગતી મીનો સચાઇ માટે જરથોસ્તી ધર્મનું આખું સાહીત્ય ગવાહી આપે છે. ઉપલા બે ભાગો સહીત યજશ્ને ધ્યાનમાં લેવા પછી હવે આપણે વીસ્પરદ ઉપર આવ્યે, જે આરાધનાનો એક સંગ્રહ છે, અને જે બીજી બંદગીઓ તથા યગ્ન ક્રીયાઓની આગમજ શરૂઆતની આરાધના તરીકે ભણવામાં

આવે છે. હીંદુ ધર્મમાં વેદ જે દરજ્જો ધરાવે છે, તેજ દરજ્જો જરથોસ્તી મજહબમાં **યજશને** અને **વીસ્પરદને** મલેલો છે. આ પછી જે આવે છે તે એકવાર સાહીત્યનો એક જબરદસ્ત ઢગ હતો, પણ અફસોસ! કે હાલમાં તેમાંનાં નામોજ માત્ર મોટે ભાગે જલવાઇ રહયાં છે. એકવીસ મોટા રેસાલાઓની એક આખી ટીપ, જેનું ઉપર ટપકેનું સાંકલ્યું આપણી પાસે બચેલું મોજુદ છે, જે એકવીસ નુસ્કને નામે ઓલખાય છે, તેમાંની માત્ર એકજ ચોપડી આખી બચેલી છે, જયારે બાકીનાં પુસ્તકો માંહેલાં થોડાકના કાંઇ ભાગા તુટા કકડા ખુકલા રહી ગયા છે. આ એકવીસ નુસ્કોમાં દરેક પ્રકારની વીદ્યા સમાયલી હતી, જેવી કે તબીબી વીદ્યા, ખગોલ વીદ્યા, ખેતીને લગતી વીદ્યા, ઝાડપાન–વીદ્યા, ફીલસુફી, અને ટુંકમાં વીદ્યા અને કાયદાઓનું તમામ ગ્નાન તેમાં સમાયલું હતું; અને હીંદુ ધર્મમાં વેદાંગને જે દરજ્જો મલયો છે તેજ દરજ્જો જરથોસ્તી ધર્મનાં મજકુર એકવીસ નુસ્કોનો હતો. હું આ મુકાબલા પર ભાર મુકું છું તે એટલા માટેજ કે આ પ્રકારની સરખામણી આ પુરાતન મજહબનાં કદીમપણાં અને તેના બુલંદ દરજ્જા માટેનાં આપણાં મતને મજબુત કરે છે. મજકુર પુસ્તકોમાંની જે એક કેતાબ આપણી પાસે સંપુર્ણ આકારમાં બચેલી છે, તે **વંદીદાદ** છે, જે જાહેર કુદરતમાં અને માણસમાં અશોઇ જાલવવા માટેના કાયદાઓનો સંગ્રહ છે. ત્યાર પછી **ખોરદેહ અવસ્તા** અથવા નાની અવસ્તા છે, જે બંદગીઓ અને યસ્તો (આરાધના) ની બનેલી છે; આ બંદગીઓ અથોરનાનો કરતાં બેહદીનોના ઉપ્યોગ માટે વધુ હોય એમ દીસે છે, અને તે સાધારણ રીતે હાલના પારસીઓ તરફથી રોજીંદી બંદગીઓ તરીકે ભણવામાં આવે છે. આ એક મીશ્ર થયલો સંગ્રહ છે–તેમાંના કેટલાક ભાગો ઘણા પુરાતન અને કેટલાક, મુકાબલાની રીતે તપાસતાં, અર્વાચીન દીસે છે. પરસીપોલીસ ખાતેનું કેતાબખાનું બાળી નાખયા પછી પાંચસોને પચાસ વર્ષનો એક જમાનો ફેસાદ અને લડાઇમાં પસાર થયો હતો અને ત્યાર પછીજ છેક સાસાન્યન શાહનશાહોના વખતમાં જરથોસ્તી સાહીત્યના હૈયાત રહેલા કકડા ખુકલા પાછા એકઠા કરવામાં આવ્યા. એક મોટાં અને અસરકારક ચીત્રમાંથી ફાટીને બાકી બચેલા એક ટુકડા મીસાલ, એક વારના આ બુલંદ અને કીર્તીવંત મજહબના માત્ર ટુકડા, ફકત કકડા ખુકલા બાકી રહયા, તેમાં અજાયબ થવા જેવું થોડુંજ છે. જેઓ અસલ ચીત્ર મેલવી શકે તેઓજ માત્ર, દરેક ફાટેલો ટુકડો કયાં બંધ બેસતો છે તે, અને અસલ આખાં ચીત્રની ખરી ખુબસુરતી જોઇ તથા પીછાની શકે.

ઉપલી સઘલી વીગતો ટુંકમાં સમજાવેલી હોવા છતાં, તે ઘણાકોને જણાયલી ન હોવાથી, શરૂઆતનો ઘટતો ખયાલ આપવાને બસ ગણાશે. મજકુર બાબતો જાણ્યા વના જરથોસ્તી મજહબ અને તેની ફીલસુફીનાં પુરાતનપણાંને ટેકો આપનાર શાહદતનુ વજન ધયાનમાં ઉતરવું અશકય થઇ પડે છે. એટલુંજ નહીં, પણ મજકુર શાહદતમાં કયાં કયાં ખાંચા રહી જાય છે, કેટલું સાહીત્ય ખોવાયું છે, આપણા હાથમાં બાકી બચેલાં ધર્મ પુસ્તકો કેવી બીસ્માર હાલતમાં છે, અને તેટલા માટે તેઓનાં પુરાતન પણાંને ટેકો આપનાર કોઇ શાહદત ફકત તેઓમાંથીજ શોધી કાઢવાની કોશેશ કેવી નીરર્થક થઇ પડે તે જાણવું જરૂરનું છે. આ સઘલું છતાં, જરથોસ્તી ધર્મ, એક બાબત સીવાય બીજી સઘલી બાબતોમાં ગુપ્ત વીદયાને મલતો છે એવા વીચારને મજબુત કરવા માટે આપણી પાસે જોઇતાં સાધનો છે. અસલી વીચારના પારસીઓ જેને ધર્મપુસ્તકો તરીકે કબુલ રાખે છે, તેમાં અવતારની બાબત આવતી નથી; આ બાબત માત્ર યુનાનીઓ પાસે જલવાયલા કકડા બુકલાઓમાં તથા **દસાતીર** નામની ગુપ્ત વીદયાની સચાઇઓથી ભરપુર એક કેતાબમાં મલી શકે છે, પણ એ બંનેને સત્તાદાર પુસ્તકો તરીકે ગણવામાં આવતાં નથી.

હવે આપણે ખુદ જરથોસ્તી મજહબ અને તેની ફીલસુફી ઉપર આ બે, અને કમભાગયે, યુરોપ્યન અસર તલે તેમાં જડવાદી મતલબ દાખલ થયલી હોવાથી, સત્તાદાર ગણાતાં ધર્મ પુસ્તકોના ફકરા, અસલ ગુપ્ત ફીલસુફીની મતલબ રજુ કરવા માટે, અત્રે ટાંકવાની જરૂર છે.

જાહેર થયલાં જગતના સરદાર તરીકે અહુરા–મઝદાઓનું નામ આપણને મલે છે, જેનો અર્થ કોઇવાર હઇયાત દાનાઇ, કોઇવાર દાનાઇનો સાહેબ અને કોઇવાર દાનાવ સાહેબ કરી કરવામાં આવે છે. ખીલારેકી તખતીઓમાં તેને અઉરમઝદા, સા સાન્યન લખાણોમાં અઉહરમઝદ, અને હાલની ફારસી ભાષામાં હોરમઝદ અથવા ઓરમઝદનાં નામ હેઠલ ઓલખવામાં આવે છે. [Essays on the Parsis, p. 302.]

તે એષ્ટ, સર્વ વ્યાપક, સઘલે પંથરાયલો, જીંદગીનું મુલ અને ઝરો છે. પ્રગટ થયલો બ્રહ્મા, જે માણસની જીંદગીનાં મુલ તરીકે એકલોજ શરૂઆતમાં પેદા થયલો ગણાય છે, તે ઉપનીશદોમાં જે દરજજો ધરાવે છે, તેવોજ દરજજો જરથોશતી ધર્મમાં અહુર–મઝદને મલેલો છે. જરથોશતી ધર્મનાં જુદાં જુદાં પુસ્તકોમાં તેનું જગેજગ વર્ણન આવે છે, અને ગાથામાં જો કે ઘણેક ઠેકાણે તેનું બ્યાન મલે છે, છતાં કેટલીક બંદગીઓ અને

આરાધનાઓમાં તે જેટલીવાર રજુ થાય છે, તેટલી વાર ગાથામાં આવતો નથી. આ અસલ એક ખોદા માટેનો વીચાર કેટલો બુલંદ છે, તેને માટેનો ખયાલ કેવો શ્રેષ્ટ છે, તે દેખાડવા માટે આ મહા બલવાન હસ્તીનાં વર્ણન માટેના એકાદ બે ફકરા આપણે તપાસ્યે. **હોરમઝદ યશ્ત**માં તે પોતાના ગુણોનું વર્ણન કરે છે, જે **ભગવદ્દગીતા**નાં દશમાં પ્રકરણમાં આવેલાં શ્રી કૃષ્ણનાં વર્ણનને મલતું આવે છે. તે પોતાનાં નામો જાહેર કરે છે, જે નામો તેના ગુણો દેખાડે છે. તે જણાવે છે કેઃ "હું બચાવનાર છું, હું પેદા કરનાર છું, હું પોશણ કરનાર છું, હું સઘલું જાણનાર છું, હું સૌથી પવીત્ર મીનો છું, મારૂં નામ તંદરોસ્તી આપનાર છે... હું અહુર નામવાળો છું, હું મઝદા એટલે મહાશાની નામવાલો છું. હું અશો નામવાલો છું..... હું ખોરેહ નામવાલો... તથા દુર જોનાર નામવાલો છું... હું નેગેહબાની રાખનાર.... તથા સર્વજ્ઞ છું." આવાંજ ૭૨ નામોની એક ટીપ આપણને હોરમઝદ યશ્તમાં મલે છે. પણ હોરમજદ માટેનું વર્ણન હવે આપણે ખુદ અશો જરથોસ્ત તરફનું તપાસ્યેઃ "તે (યાને હોરમઝદ) સૌથી પહેલો વીચાર કરનાર છે; જેનો ચલકાટ (આસમાનની બેહદ) રોશનીઓ સાથે મલી ગયો છે. જે પોતે પોતાની હર્વેસ્પ-આગાહ અકલથી (તમામ ખલકતનો) પેદા કરનાર છે, તથા જે અકલથી રાસ્તી તથા ઉત્તમ વીચારને ટેકો આપે છે. અય મીનો હોરમઝદ ! તું કે જે હમેશાં એક સરખો છે તે ભલી પેદાયશને આબાદ કરે છે, જયારથી તુંને (અય હોરમઝદ !) મેં મારી આંખમાં રાખ્યો છે, ત્યારથી હંમેશાં સર્વથી પહેલો, પાક મનસ્નીથી પરસ્તેશ કરવા લાયક, ભલાં મનનો પીતા, રાસ્તીનું ખરૂં મુલ, તથા આ દુન્યાનાં સર્વ કામોપર સાહેબી ભોગવનાર તરીકે મેં તને ગણયો છે." અહુરમજદને ત્રણ રૂપ ધરાવનાર ગણવામાં આવ્યો છે, અને આપણે ખોરદેહ અવસ્તામાં વાંચ્યે છીએ કેઃ "ઓ હોરમઝદ ! બીજી પેદાયશોની આગમજ ત્રણ મરતબે તને નેમાજ." (ખોરશેદ ન્યાએશ.) આ "ત્રણ મરતબે" શબ્દો ધ્યાનમાં રાખવા જોઇએ, કાંયકે તે અતી અગત્યના છે. તે જરથોસ્તી મજહબના **પહેલી હસ્તી**ને લગતા વીચારને ઉપનીશદમાં જાણીતા થયલા બ્રહ્માનાં ત્રીશુલ સાથે જોડી આપે છે, અને અહુરમજદમાં હસ્તી ધરાવતાં પાછલથી પ્રગટ થયલાં બે તત્વોની સમજ આપે છે, કે જે બે તત્વોને વારંવાર એક એકની સાંમેની શકતીઓ તરીકે ધારી, જરથોસ્તી ધર્મ જે ખરેખર એક ઇશ્વરવાદી છે તેને દ્વવેશ્વરવાદી યાને બે ખોદાને માનનારા ધર્મ તરીકે ગણવામાં આવે છે.

પણ એ સામસામાં તત્વોને લગતી એ બાબત હાથ ધરવા આગમજ આપણે જાણવું જોઇએ કે, જરથોસ્તની પુરાતન ફીલસુફી મુજબ અહુર-મઝદની પાછલ અને પેલીગમ એક ન પીછાની શકાય એવી હસ્તી છે, કે જે બેહદ જમાનાને નામે ઓળખાય છે, અને જેની હસ્તી ગુપ્ત જ્ઞાનની ગેર-હાજરીમાં યુરોપ્યન ઓલમાઓ ના પાડે'છે. તેઓ તકરાર લાવે છે કે જરવાને અકરને (યાને બેહદ જમાના) ને અહુરમજદનાં મુળ તરીકે ગણવાને લગતો વીચાર વ્યાકરણને લગતી એક ભુલમાંથી જન્મ પામ્યો છે, અને તે કોઇ પણ રીતે, માણુસની શકતીઓથી ન પીછાની શકાય એવી કોઇ એક હેયાતી માટેની ગુપ્ત સચાઇ રજુ કરતો નથી. પણ તેઓ ગમે એટલા તેની વીરૂધ હોવા છતાં, એ ફીલસુફીનું પુરાતનપણું ના પાડી શકતા નથી. જો આપણે ગ્રીક શાહદત તપાસીશું તો તે આ ફીલસુફીના સંબંધમાં જે કાંઇ શીખવવામાં આવતું હતું તે માટે જણાવવામાં સહેજ પણ અચોકસ નથી. પ્લુટાર્ક જણાવે છે કે: "ઓરોમાસડીસ (અહુર-મઝદ) સૌથી સ્વચ્છ રોશનીમાંથી જન્મ પામ્યો હતો," (Essays on the Parsis, p, 9) ડેમેશીયસ લખી જાય છે કે: "યુડેમોસના જણાવ્યા પ્રમાણે, મેજાઇ લોકો અને આખી એર્યન પ્રજામાંના કેટલાકો જગ્યા (Space) અને કેટલાકો જમાના (Time) ને જગતના મુળ સબબ તરીકે ગણે છે, કે જેમાંથી ભલો ખોદા અને બુરો મીનો જુદા પડયા હતા, અથવા કેટલાકો જણાવે છે તેમ, રોશની અને અંધકાર બહાર પડયાં હતાં, જેમ થવા પછી એ જુદા મીનો ઉભા થયા." (Essays on the Parsis, p. 12) "ઇરાંનીઓમાં ઓરોસ્ત્રાડીસે (જરથોસ્તે) દાખલ કીધેલાં ઝોરૂઆનને લગતાં ધર્મ–મત" માટે થીઓડોરસ પણ લખી જાય છે, "કે જે ઝોરૂઆન (જરવાન) ને તે (જરથોસ્ત) આખાં જગતના રાજ્યકર્તા તરીકે ગણતો હતો, અને જેને તેણે ભાગ્ય દેવીનું નામ આપ્યું હતું; આ ઝોરૂઆને હોરમીસડાસ (હોર મઝદ) ને પેદા કરવા માટે કીધેલી યજ્ઞ ક્રીયા વેલા હોરમીસડાસ અને સેતાન બંને પેદા થયા." (Ibid, p. 12.) આ તકરારી લખનારનો ભુલ ભર્યો હેવાલ, ખાસ કરી સૌથી પહેલી યજ્ઞક્રીયા માટેની ભેદી સચાઇ માટેનો ઇશારો ઘણો ધ્યાન આપવા જોગ છે. આજ વીચાર વલી ઇ૦ સ૦ ની પાંચમી સદીમાં એઝવીકે લખેલી "રેફ્યુટેશન ઓવ હેરેસીઝ" (ગુમરાહો માટે રદીયો) નામની ચોપડીમાં પણ મળે છે: "કોઇ પણ ચીજ, આકાશ યા જમીન, યા તેમાં વસ્તાં કોઇ પણ પ્રાણીઓ હસ્તી ભોગવતાં થયાં તે આગમજ ઝરવાન હસ્તી ભોગવતો હતો....આકાશ, પૃથ્વી અને તેમાંની

તમામ ચીજો પેદા કરે એવો એક ઓરમીઝ નામનો બેટો પેદા થાય એવી ઉમેદમાં તેણે એક હજાર વર્ષ સુધી યજ્ઞ-ક્રીયા કીધી." (Ibid, p. 13) ડા૦ હાઉગ વ્યાકરણની ભુલનાં અનુમાનને વલગી રહેવા છતાં કબુલ કરે છે કે: "આગલ જણાવેલા હેવાલો પરથી ખુલ્લું માલમ પડશે કે, ઝરવાને અકરનેને લગતું આ ધર્મ-મત સાસાન્યન જમાનામાં સામાન્ય રીતે ઇરાનમાં મનાતું હતું." (Ibid, p. 12-14-309-310) ભેદી વીદ્યાની સઘલી શાહદતોને બાજુએ મુકવા છતાં, આટલું તો ચોકસ ઠરે છે કે, અવ્યકત (જાહેર નહીંતે = unmanifested) એક હેયાતી, જેમાંથી પ્રગટ હસ્તી જાહેરમાં આવી, તેને લગતું આ બહુ પુરાતન મત અશો જરથોસ્તે શીખવ્યું હતું. અને જયારે આપણે ખુદ ખોદા તરફથી કરવામાં આવેલી યજ્ઞ-ક્રીયા, જેથી અહુર-મઝદનું ઉત્પન થવું થયું, તે માટેનું વર્ણન વાંચ્યે છીએ, ત્યારે બહુજ થોડાઓને સમજ પડતા એ મુશ્કેલ ઇશારા ઉપરથી આપણે જાણુયે છીએ કે, પહેલ વહેલી યજ્ઞ-ક્રીયા અથવા હસ્તીઓના પ્રગટ થવાને મદદ મલે એવી હદ માટેનું ધર્મ-મત, જે યોગ-વીદ્યાના દરેક અભ્યાસીને જાણીતું છે, અને દુન્યાનાં સઘલા ધર્મ-શાસ્ત્રોમાં વારંવાર જણાવવામાં આવ્યું છે તે અશો જરથોસ્તે પણ શીખવ્યું હતું. મેડમ બ્લાવાટસ્કી જણાવે છે કે: "અહુર-મઝદ (અસુર-મઝદ) પોતે ઝરવાને-અકરને (હદ વગરના જમાનાનાં ચક્ર) અથવા ન જણાયલા સબબ (મુલ)માંથી ઉત્પન થયો. ઝરવાને અકરનેની કીર્તી અતી ઘણી બુલંદ છે, તેની રોશની માણસાઇ અકલ યા ખાકી ચશ્મોની પીછાન યા નજરમાં વટીક આવી ન શકે એવી ચલકાટવાલી છે. તેનું પહેલું પ્રગટ રૂપ હંમેશગીની રોશની છે, જે પ્રગટ થવાની આગમજ અંધકારમાં છુપી હોવાથી, તેને પ્રગટ કરવામાં આવી હતી, અને આ રીતે અહુર-મઝદ યાને 'જીંદગીનો સાહેબ' જન્મ પામ્યો. તે ઝરવાને અકરનેમાંથી 'પહેલો જન્મ પામેલો' છે, અને ખુદ પોતાના અસલ નમુના (આગમજથી હસ્તી ધરાવતા મીનો ખયાલ)ની માફક હંમેશગીથી અંધકારની અંદર રહેતો આવ્યો છે." (થીઓસોફીસ્ટ, પુ, ૪થું, સફે ૨૨૪.)

અશો જરથોસ્ત મહાન નરોનાં મંડલમાનાં એક હતા, એમ જાણનાર ગુપ્ત વીદ્યાના કોઇપણ અભ્યાસીને આ મુલ સચાઇ માટે તેવણે આપેલા સબક માટે સહેજ પણ શક રહેશે નહીં. પણ બીજાઓની ખાત્રી માટે જાહેર મલતી શાહદતો, અને આ સચાઇથી ઉલટો વીચાર પુરાતન

દંતકથાઓથી બીનવાકેફ યુરોપ્યન ઓલ્માઓજ ધરાવે છે, એ હકીકત બસ થશે.

હવે આપણે ત્રી-રૂપી અહુર-મઝદ અને પેદાયશ ઉત્પન કરવા માટે તેના પ્રગટ થવાને લગતી બીના ઉપર આવ્યે; તેમ કરતાં આપણને માલમ પડે છે કે, તેનામાં છુપી રહેલી બે શકતીઓ, અથવા સ્પેન્તો-મઇન્યુશ અને અંઘરો-મઇન્યુશ નામનાં તેમાં મુળ ધરાવતાં બે તત્વો ઉત્પન થયાં. જાહેર જગત હઇયાતીમાં લાવી શકાય એટલાજ માટે આ બે તત્વો તેમાં સમાયલાં હતાં. આ બે તત્વો "ભલા" અને "બુરાં" ને નામે ઓળખાય છે, પણ તેઓની ખરી મતલબ દર્શાવવા એ શબ્દો પુરેપુરા લાયક નથી. આ શબ્દોની મતલબની ખરી ચાવી ઘણાજ પુરાતન ગાથા-કલામમાં આપવામાં આવી છે. જ્યારે માણુસ પોતાનાં પ્રગટીકરણ (ઉત્પંતી) દરમ્યાન જ્ઞાન અને પસંદગીની શકતીઓ ખીલવે છે, ત્યારેજ ભલાઇ અને બુરાઇ જન્મ પામતી ગણી શકાય; આ અસલ બે તત્વોનું સામસામાંપણું ભલાઇ અને બુરાઇ વચેનું નથી; પણ મીનો અને ખાક (પુરૂપ અને પ્રકૃતી) વચેનું, અથવા પાયદારી અને નાપાયદારી, રોશની અને અંધકાર, બંધન અને નાશ, યાને જે બે છેડાઓ વચે જગત ગુંથાયલું છે, અને જે વના જગતની હસ્તી હોઇ શકે નહીં, તે બે છેડાઓ વચે ઉપનું સામસામાપણું હસ્તી ધરાવે છે. "પાયદારી અને નાપાયદારી" એ વાકય ખુદ અશો જરથોસ્તે પોતાની મુળ સચાઇનાં જાહેરનામામાં રજુ કીધો છે, કે જે જાહેરનામું પવીત્ર આતશ સન્મુખ ઉભા રહી એ અશો પેગંબરે જાહેર કીધું હતું.— આતશ સન્મુખ ઉભા રહી કીધેલાં આવાં જાહેરનામાની મૂતલબ આપણે આગલ ચાલતાં જોઇશું.—"શરૂઆતમાં બે મીનો જોડયાંની એક જોડ, દરેક પોતાની જાતની ચોકસ ખાસ્યત ધરાવતાં હસ્તી ભોગવતાં હતાં;" આગલ ચાલતાં આપણે વાંચ્યે છીએ કે: "અને આ બે જોડયા મીનોએ (બાકી ચીજો) ઉત્પન કીધી; એકે પાયદારી અને બીજાએ નાપાયદારીને જન્મ આપ્યો."(Essays on the Parsis, Yas. xxx, 3, 4). અહીં શરૂઆતનું સત અને અસતને લગતું, ગુપ્ત જ્ઞાનની સમજને તદન મળતું દ્વૈતપણું શરૂ થાય છે કે, અસલ એક હસ્તીમાંથી દ્વૈતપણું જન્મ લે છે, અને તેમાંથી ઘણાપણાંને ઉત્પન થવાનું કારણ મલે છે. એકે પાયદારી પેદા કીધી, બીજાએ નાપાયદારીને જન્મ આપ્યો. પોતાનાં ફરમાનોમાં આગલ ચાલતાં અશો જરથોસ્ત જણાવે છે કે, બેમાંનાં એકને રસ્તે આપણે

ચાલવું જોઇએ, મજકુર બે "મીનો "માંના એકને માણસોએ પસંદ કરવો જોઇએ; અને સઘલાં પુરાતન ધર્મ-ફરમાનોમાં માણસને મીનો યા ખાકી એમાંનું કોઇ પણ એક પસંદ કરવાનું જણાવવામાં આવે છે. આ બંનેને જોઇએ તો ભલાં અને બુરાંનું નામ આપો, પણ એ બે નામો મુલ મતલબ દર્શાવતાં નથી, કારણકે માણસને પોતાની પસંદગી મીનો યા ખાકી ચીજો એ બેમાંથી એક તરફ દેખાડવાની છે. આ બેને જુદાં જુદાં તરેહવાર નામો આપવામાં આવે છે, જે નામો પુરાતન જમાનામાં તેઓને કઇ મતલબે સમજવામાં આવતાં હતાં તે દેખાડે છે. ગાથા ઉસ્તવઇતી (યજશને, હા૦ ૪૫) માં જણાવવામાં આવે છે કે:—" તમો જેઓ દુરથી અને નજદીકથી આવ્યા છો, તેઓ હું જે જાહેર કરૂં તે સાંભલો, અને તે ઉપર ધ્યાન આપો. દાનાઇના કાયદા પ્રમાણે આ જગતમાં બે શક્તીઓ જાહેર છે....દુન્યાની શરૂઆતના બે મીનો માટે હું બોલીશ, કે જેઓમાંના આબાદી કરનાર મીનોએ નાશ લાવનાર મીનોને આ પ્રમાણે કહયું." (Ibid, 1,2) અહીં વલી આપણને "આબાદી કરનાર" અને "નાશ લાવનાર" એવાં બે નામો મળે છે, જે અસલ ભેદની કાંઇક ચાવી આપણને મેળવી આપે છે. પહેલો હરદમ પોતામાંથી જીંદગી બહાર રેડે છે (પ્રગટ કરે છે) જ્યારે બીજો, જે પહેલાનું ખાકી રૂપ છે અને જે આકારો સાથે નીસબત ધરાવે છે તે, જીંદગી ઉંચી જેહાનોમાં જાય એટલા માટે આકારોને ભાંગી નાખવાનું કામ કરે છે. આ વીચાર લોકો ઉપર ઠસાવવાને એમ જણાવ્યું છે કે, આ કહેવાતો બુરો મીનો તે મોત છે જે માણસોનાં શરીરોને તોડી નાખે છે; આકારના નાશની મતલબ જીંદગીનું ઉંચી હાલતોમાં પસાર થવું કરી થાય છે, કે જે કોઇ પણ બુરી શક્તીનું કામ નથી, પણ તે રવાંનનો છુટકારો છે, અને તેટલા માટે જગતની મીનો પ્રગટતા (જાહેર રૂપ)નો એક ભાગ છે. મજકુર બે તત્વો "બે સાહેબો," તેમજ "બે પેદા કરનાર શક્તીઓ" તરીકે પણ ઓળખાય છે, અને આપણે એવું પણ વાંચ્યે છીએ કે બળવાન સરોશ યઝદે "આ બે પેદા કરનાર શક્તીઓ જેઓ સઘળી ચીજોને પેદા કરે છે," (યજશ્ને, હા૦ ૫૭, ૫૦ ૨) તેઓની આરાધના કીધી ખરેખર આવો એક બળવાન યઝદ કદી પણ બુરાઇની આરાધના તો કરેજ નહીં, તો જોકે કદાચ ઇશ્વરી ખાસ્યતમાં સમાયલાં દવેશ્વરપણાંને તે માન આપે. પણ ગોયા આ સવાલનો ફડચો કરવાની નેમથીજ હોય તેમ, ખુદ અહુરમજદ પોતે તેઓ માટે બોલતાં "મારા બે મીનો" કરી બોલે છે. (યજશ્ને, હા૦ ૧૯, ૫૦ ૯) ડૉ૦ હાઉગ આ વીચારને બરાબર રીતે

સમજી શકે છે, અને તેથી જણાવે છે કે: "તેઓ શરૂઆતથી જોડાયલા જગતના બે આગેવાન મુળ સબબો છે, અને તેટલા માટે તેમને જોડયાં (યીમા, સંસ્કૃત यमन) કહેવામાં આવે છે. તેઓ સઘળે હાજર છે; જેમ અહુરમઝદમાં તેમ માણસમાં પણ...પાછલાં લખાણોની માફક ગાથામાં આપણે અંઘરોમઇન્યુશને અહુરમજદના હંમેશના હરીફ તરીકે જોઇ શકતા નથી.....બે પેદા કરનાર મીનોઓ, જેઓ એકજ ઇશ્વરી હસ્તીના માત્ર બે ભાગો છે, તેઓને લગતું આ અસલ જરથોસ્તી ધર્મ-મત છે." (Essays on the Parsis, p. 303, 305)

આ વ્યકતીત્રયાત્મક (Trinity) યાને ત્રણ મલીને એક થયલી એવી મીનો શકતીમાંની ત્રીજી શકતી, પાછલા વખતમાં થયલા ફેરફારથી ઢંકાઇ ગયલી હોવાને લીધે, તે માટે વીચાર ચલાવવો લગાર મુસ્કેલ છે: પહેલી અહુર-મજ્દ છે, જેમાંથી સઘલી હસ્તી ઉત્પન થાય છે; ઉપલાં ત્રણ મીનોનાં જાહેર રૂપમાંનું બીજું રૂપ તે પ્રગટ થતી બીજી શકતી છે; અને ત્રીજું રૂપ તે ડહાપણ, શરૂઆતની દાનાઇ અથવા અકલે અવલ જેનાથી દુન્યા પેદા કરવામાં આવી હતી. આ શકતી તે આર્મઇતી છે, કે જેને માટે એમ જણાવવામાં આવ્યું છે કે: "આ જીંદગીનું પોષણ કરવાને આર્મઇતી દોલત, અને ભલાં અને સાચાં મન સાથે આવી; તેણી જે અમર છે, તેણે ખાકી દુન્યાને પેદા કીધી," (ગાથા અહુનવઇતી, ૭) પાછલા જમાનામાં આર્મઇતીને તેની પેદાયશ સાથે ભેળી નાખી, અને જમીનના યઝદ તરીકે તેની આરાધના થવા લાગી, તો જોકે ઘણા પુરાતન કાળમાં તે ઉપલાં ત્રણ રૂપવાલાં મુલ શકતીઓમાનાં મંડલમાંની એક હતી.

ત્યાર પછી સાત મોટા અમર મીનોઓ, અમશાસ્પંદો અથવા સાત સરદાર શકતીઓના હાથ તલેનું આકાશી શકતીઓનું મંડલ આવે છે. કોઇ ઠેકાણે અહુરમજદને તેઓમાંના એક તરીકે તેઓની સરદારી ધરાવતો જણાવ્યો છે; કોઇ ઠેકાણે ઉપલી સાત શકતીઓનું એક મંડલ ગણી તેની ઉપર ઉંચ ત્રીશુલ યાને ત્રણ શકતીઓનાં મંડલને સરદારી આપવામાં આવે છે. આ વીચાર, યાહુદીઓના કબાલામાં જણાવ્યા પ્રમાણે નીચલી સાત અને ઉપલી ત્રણ શકતીઓથી દર્શાવવામાં આવતાં જગતને લગતો વીચાર સુચવે છે, એમ કોઇ પણ થીઓસોફીસ્ટ સહેલથી સમજી શકસે. જો અહુર-મજદને છોડી દેવામાં આવે તો સાત અમશાસ્પંદો નીચે મુજબ છે: વોહુ મન, એટલે ભલું મન; અષ વહીસ્ત, એટલે ઉત્તમ અશોઇ; ક્ષથ્રવઇર્ય,

યાને ભલી સત્તા; સ્પેન્દારમદ, યાને મહોબ્બત; હઉર્વતાત, એટલે તંદરોસ્તી; અમેરેતાત, અથવા અમર્ગી; અને આતશ, જે "અમશાસ્પંદોનો સૌથી ઉત્તમ મદદગાર" ગણાય છે. (ગાથા અહુનવઇતી, ૭) આ અમશાસ્પંદોને ચાલુ બંદગીઓ અને ભકતીના કલામો અર્પણ કરવામાં આવે છે, અને આખું જરથોસ્તી બંદગીનું સાહીત્ય એઓથી ભરપુર છે, અને તે છતાં, કેટલાક યુરોપ્યન અભ્યાસીઓ તરફથી આ શકતીઓ, જેઓથી, ગાથાના જણાવ્યા પ્રમાણે, દુન્યાઓ પેદા થઇ અને તેમનો નીભાવ થાય છે, તેઓને હૈયાત હોશદાર શકતીઓ ગણવાને બદલે માત્ર ખોદાના નીતીમાન ગુણો તરીકે તેઓને ગણવામાં આવે છે. ડા૦ મીલ્સ તેઓને સાદા ગુણોમાં ઉતારી પાડે છે, અને પોતાના તરજુમાઓમાં હંમેશ તેજ રીતે તેઓને રજુ કરે છે, તો જોકે દરેક ઠેકાણે મળતી ગેબી શકતીઓની હસ્તીની સાબેતીને ઉડાવી જવાની હાલની રૂઢીને કેટલીક જગ્યે છોડવાની તેને ફરજ પડે છે. મજકુર શકતીઓ સાદા ગુણો તરીકે લઇ શકાય કે નહીં તે જોઇએ:—

"બહુ વૃદ્ધી કરનાર મીનો અહુરમઝદ, અને તેની સાથે **અશોઈ, અને આબાદી કરનાર પવીત્રાઇ, ભલું મન, અને ભલી સત્તા,** તમો સઘલા મારી અરજ સાંભલો, અને મારી ઉપર મહેરબાન થઓ." (ગાથા, યજશ્ને, ૩૩,૧૧) (ડા૦ મીલ્સનો તરજુમો, પાનું, ૧૨૭.)

ઉપર કાલા અક્ષરે મુકેલા સઘલા ગુણો, તે કેટલાક અમશાસ્પંદો છે, જેવા કે સપંદારમદ, વોહુમન, અને ક્ષથ્રવઇરય; અને બીજો પુરૂપ બહુ વચનનો "તમે" શબ્દ તથા "તમે **સઘલા** મારી અરજ સાંભલો" એ વાકય ધયાનમાં લેતાં, તે જો કોઇ ખોદા અને તેના ગુણોને કરવામાં આવતી અરજ તરીકે લેવામાં આવે તો તે લગાર નવાઇ જેવુ થઇ પડે!

"અય મીનો અહુરમજદ! સૌથી ઉત્તમ એવાં જે ધર્મ-ફરમાનો, તથા કામો તથા બંદગી કરનારાઓમાંની સૌથી ઉત્તમ બંદગી વીષે સચાઇ તથા ભલાં મન સાથે મને તું કહે; અને ભલી સત્તાની મારફતે દુન્યાની સંપુર્ણતા લાવ."

પહેલ્વીમાં આ મુજબ છે: "આટલા માટે તું, ઓ મીનો અહુરમજદ! સૌથી ઉત્તમ સખુનો તથા કામો વીષે મને કહે; અને તું ઓ વોહુમન! તારી તરફનાં મારાં કરજ માટે, અને તું, અય વહીસ્ત! તારી સેતાયશ માટે મને કહે; કારણ કે તમારી સત્તાની મારફતે દુન્યાનાં વધારાની સંપુર્ણતા ઇચ્છા

શક્તી મારફતે જાહેર રીતે પાયદાર થાય છે." (ડા૦ મીલ્સનો તરજુમો, પાનું ૧૫૨-૧૫૩.)

"તને, અય વૃદ્ધીવંત અહુરમજદ ! મેં મારાં મનમાં પકડયો, જ્યારે ભલાં મનની મારફતે તાબેદારી મારી નજદીક આવી અને મને પુછયું, તું કોણ છે? કયાંથી તું આવ્યો છે?" (ડા૦ મીલસ, પાનું ૧૬૫)

આમાં તાબેદારીને સવાલ કરતા આકારમાં મુકવામાં આવી છે, જે અજાયબ જેવું છે.

"આ સઘળી મહેરબાંની હું તારી પાસે અય હોરમજદ ! અય આ ! માગું છું. તું અય આર્મઇતી ! એ મહેરબાંની મને આપ." (ડા૦ મીલસ, ૩૮૩)

ગાથામાંથી આ પ્રકારના ઘણા ફકરા ટાંકી શકાય. ગાથા પછીનાં ઘણાં જુનાં ગણાતાં લખાણોમાંનાં યસ્ન હપ્તંગહાઇતીમાં વલી આપણને આ ફકરો મળે છે: "અમે અશો અહુરમજદ, જે અશોઇનો સરદાર છે તેને આરાધયે છીએ. અમે ભલાઇના રાખનાર તથા ભલાઇના બક્ષનાર અમશાસ્પંદોને આરાધયે છીએ. અમે અશોઇના મીનોએ પેદા કીધેલી તમામ પેદાશશને આરાધયે છીએ." (Essays on the Parsis, p. 171) વીસ્પરદમાં આ રીતે મળે છે: "અમે મીનો યઝદોને તથા ગેતીના યઝદોને આરાધયે છીએ તથા અર્પણ કર્યે છીએ." (Ibid, p. 1) અને એજ પ્રમાણે યઝદોની એક લંબાણ ટીપ તેમાં નજરે પડે છે. વળી: "અમે અહુરમઝદને, પવીત્ર સરોશને, ઘણાજ રાસ્ત રશ્નેને, બહોલાં ખેતરોવાળા મીથ્રને, અમશાસ્પંદોને, અશોઓની ફ્રવષીઓને, અશોઓનાં રવાંનોને, અહુરમજદના પુત્ર આતશને, અને બુઝર્ગ સાહેબને આ યગ્ન જાહેર કર્યે છીએ." (Ibid, p. 18) વળી યજશ્ને પણ એ બાબતમાં પોતાની ગવાહી રજુ કરે છે: "હું પેદા કરનાર અહુરમજદ, જે પ્રકાશીત, દરજ્જાવાળો, મોટો સાહેબ, ઉત્તમ, ઘણોજ ખુબસુરત, ઘણોજ જોરાવર, ઘણોજ અકલમંદ, સૌથી સોહામણાં શરીરનો, પવીત્રાઇને લીધે સર્વોત્તમ છે, તેને આરાધયે છીએ, તથા આ યગ્ન અર્પણ કર્યે છીએ. તે અહુરમજદ જે ઘણોજ દાનાવ, ઘણોજ દુર ખુશાળી પાંથરનાર છે, જેણે આપણને પેદા કીધા, જેણે આપણને બનાવ્યા, જે આપણી પાસ્બાની કરે છે, જે સઘળા મીનોઓમાં સર્વથી પવીત્ર મીનો છે. અમે વોહુમનો, અશવહીસ્ત, ક્ષથ્રવઇર્ય, સ્પેન્ત આર્મઇતી, હઉર્વતાત, અને અમેરેતાત, તથા પહેલી ગાયનાં શરીરને, પહેલી ગાયનાં રવાંનને, અમશાસ્પંદોના સૌથી ઉત્તમ મદદગાર અહુરમજદ-

ના પુત્ર આતશને આરાધયે છીએ તથા અર્પણ કર્યે છીએ." (Spiegel, p. 26).

ખુદ યજશ્ને તો સૌથી ઉત્તમ ઇશ્વરી શક્તીઓ, જેવી કે મહેર યઝદ, પાણીઓ ઉપરની મવક્કલ શક્તી આવાં, હોશદાર શક્તીઓમાંની એક સૌથી વધુ બળવાન સરોશ, ખોરશેદ, માહબોખ્તાર, અને સેતારાઓની આરાધનાથી ભરપુર છે. (Essays on the Parsis, p. 202) ટુંકમાં, જો યુરોપ્યન જડવાદ મત કબુલ કરી યઝદોની આરાધના કરવામાં આવે તો આખા જરથોસ્તી ધર્મનો પાયો બેસવાઇ પડે. હીંદુ ધર્મની માફકજ, તેમાં યઝદી શક્તીઓ જગેજગ છે, અને જેમજેમ બંદગી કરનાર આગળ વધે છે તેમ તે વધુ અને વધુ ઉંચી શકતીઓને આરાધે છે, જેમ કરતાં તે આયંદે અહુરમજદ તરફ જઇ પંહોચે છે, કે જેની ઇચ્છા શકતીને અમલમાં મુકનાર ઉપલા યઝદો છે, અને જેનાથી આ યઝદો જીંદગી પામે છે.

હવે આપણે આતશ જે ઇશ્વરનું સર્વથી ઉત્તમ અલંકારીક સ્વરૂપ તથા મીનો જીંદગીનું આલાતછે, જે અહુરમજદના પુત્ર તરીકે ઓલખાય છે, અને જે પવીત્ર આલાત જરથોસ્તીઓથી ઘણું માન પામે છે, તેની બાબત ઉપર આવ્યે. જેમ ધારી શકાય તેમ આતશને બંદગી પર બંદગીઓ અર્પણ કરવામાં આવી છે. તેને સહેલામાં સહેલી, સૌથી સ્વચ્છ, અને બહુજ સરળ એબારતમાં આરાધનાના કલામો અર્પણ થયલા છે. આતશને મીનો હોશદાર હસ્તીઓને બહુજ મદદગાર તરીકે લેખવામાં આવ્યો છે. તે દોસ્તીને ઘણોજ લાયકનો, અહુરમજદ તરફથી આવેલો અને સઘળા મીનો ભેદોથી વાકેફ ગણાય છે. "અહુરમજદના પુત્ર ઓ આતશ! તું જે શખસ તરફ ઘણાં જોર સાથ જાય છે, તે ખરેખર સુખી છે. સૌથી ઘણા દોસ્તીને લાયકનાઓમાં પણ તું વધુ દોસ્તીને લાયક છે, સૌથી ઘણા માન પામેલાઓમાં તું વધારે માન પામેલો છે. તે મોટાં કામની વેળાએ તું અમોને ઘણી મદદ કરનાર થજે! તું અહુરમજદ સાથની પીછાન પામેલો તથા મીનો હસ્તીઓથી વાકેફગાર છે. તું જે વાઝીસ્ત નામ ધરાવે છે તે સઘળા આતશોમાંનો સૌથી પવીત્ર આતશ છે. ઓ અહુરમજદના પુત્ર, આતશ! અમો તારી નજદીક પંહોચ્યે." (Spiegel, p. 96.)

આતશ શું છે? તે સઘળા ધર્મોમાં હરદમ, સર્વ શકતીમાન ખોદાનું અલંકારીક સ્વરૂપ છે: બ્રહ્મ આતશ છે: અહુરમજદ આતશ છે: યાહુદીઓ પોતાના ખોદાને આતશના એક સ્તંભ તરીકે ગણી તેની આરાધના કરે છે, અને ખ્રીસ્તીઓ જણાવે છે કે: "અમારો ખોદા હમેશ બલતો આતશ

છે." સઘલે આતશ સર્વોત્તમ આલાત હતો અને છે, કારણકે કીર્તીમાન ખોદા આતશ રૂપે પ્રગટ થાય છે; જે કાંઇ "રોશનીનાં બેહદપણાંને લીધે થયલો અંધકાર" છે, તેમાંથી આતશ પ્રગટી નીકળયો છે, અને તે હૈયાત રોશનીમાંથી તમામ જગત જાહેર હસ્તીમાં આવ્યું છે. અરે! મહાન જરથુસ્ત્ર, જેને આતશ–પુત્રો (ફરેસ્તાઓ) એ આ પૃથ્વી ઉપર લોકોને મીનો સચાઇઓ શીખવવાને મોકલ્યો હતો, તેણે આતશ તરફથી તેની સન્મુખ ખુલી થયલી ભેદ ભરી બાબતોની સચાઇઓ લોકોને કેમ શીખવી તે જો હું તમને દેખાડવા ચાહું તો તેને માટે નીચે મુજબ ખ્યાલ આપી શકાય: અશો જરથોસ્ત, આતશે જે કાંઇ તેની આગળ ખુલ્લું કીધું હતું તે જાહેર કરતો આતશનાં યગ્ન આગળ ઉભો રહયો હોય એમ ધારો. "અશો જરથોસ્તની ઇશ્વરીવાણી" (Oracles) જે પુરાતન દંતકથાથી ભરપુર છે, તેમાં આતશ માટે શું કહયું છે તે યાદ કરો: "જયારે પણ તું આકાર વગરનો, દુન્યાનાં ભીત્તરમાં પ્રકાશીત રીતે ચલકતો પવીત્ર આતશ જુએ, ત્યારે તે આતશના અવાજને તું સાંભલ." જરથુસ્ત્ર યગ્ન આગલ ઉભો રહી બોલતો હતો, તે વેળાએ ત્યાં આતશ ન હતો, ત્યાં ખુસ્બોદાર ઢગલામાં સુખડ અને બીજી સુગંધી ચીજો હાજર હતી, પણ આતશ ન હતો. ત્યાં જરથુસ્ત્ર એક લાકડી લઇ ઉભો હતો. આ લાકડી માટે યોગ વીધાના સઘલા અભ્યાસીઓ માહીતગાર છે. આ લાકડી ઉપલી જેહાંનોના હોશદાર આતશથી ભરેલી અને સર્પ રૂપી આતશી શોલાહોથી વીંટલાયલી હોય છે. જેવી તેણે તે લાકડી ઉંચકીને આકાશ તરફ તાકી કે તરતજ બેહદ આકાશ–કબુદી આસમાનના ગુંબજ—માંથી સઘલે રોશની પંથરાઇ, અને સઘલી બાજુએ રોશનીનાં બલતાં ચમકી નીકળ્યાં; હવાને કાપીને આ આતશી શોલાહ નીચે ઉતરયા, અને જરથુસ્ત્રની નજદીકનાં યગ્ન ઉપર આતશ રોશન થયો, અને તે હોશદાર આતશે તેની આસપાસ વીંટલાઇ તેને આતશી શોલા સરખો બનાવ્યો, જયાંથી તેણે "આતશના શબ્દો," મીનો સચાઇઓ જાહેર કીધી. આ રીતે અશો જરથોસ્તે પુરાતન જમાનાઓમાં પોતાનો ધર્મ શીખવ્યો હતો, અને તેણે આતશની ભકતીના કલામો આપ્યા, કે જે કલામોથી આતશને મીનો જેહાંનમાંથી નીચે ખેંચી શકાય. આ મંત્રો ખેંચવાની શકતી ધરાવતાં હતાં અને તે બહુ શકતીમાન શબદો હતા. અને સદીઓની સદી તથા જમાનાના જમાના સુધી જે આતશ, આતશકદેહોમાં જરથોસ્તી યગ્નો ઉપર બલતો રહયો, તે માત્ર ખાકી આતશોની મેલવણી ન હતી. હમેશ ઉપરથીજ એટલે આકાશોમાંથી, આતશી આકાશોમાંથી પવીત્ર આતશને નીચે ખેંચી

લેવામાં આવતો હતો, ધર્મગુરૂના બોલ બોલતાં તે યજ્ઞ ઉપર પડતો, અને ખોદાના હૈયાત આલાત–કેબલા–તરીકે ત્યાં બલતો. જયારે ઉતરતી પંક્તીના અથોરનાનોને કામ કરવું પડતું, જયારે ઉંચી પંકતીના ધર્મગુરૂઓ તે કામ માટે મલી શકતા ન હતા, ત્યારે ઉપરં જણાવેલી આતશી લાકડી, જેમાં વીજલીક આતશ, હોશદાર આતશી શોલા હમેશ ચમકતા રહેતા તે કામે લગાડવામાં આવતી, અને જેવી તે લાકડી યજ્ઞ ઉપરની કાઠીને લગાડવામાં આવતી કે તરતજ આકાશી આતશના શોલા પ્રકાશીત થતા.

ખુદ હાલમાં વટીક એક નવા આતશની સ્થાપના કરતી વેળાએ તેને રોશન કરવાની ક્રીયાઓ કરવામાં આ અસલ દંતકથાનો સહેજ ઇશારો રહેલો માલમ પડે છે. આજે પણ ઉપલી પુરાતન સચાઇનો એક નરમ પડઘા રહી ગયો છે, તો જોકે હાલનો કોઇ પણ પારસી દસ્તુર આકાશ ઉપરથી આતશ ખેંચવાની શક્તી ધરાવતો નથી. જે શહેરમાં એક નવા આતશ કદેહ સ્થાપવાના હોય તે શહેરનાં જુદાં જુદાં મથકોપરના આતશોને એકઠા કરવામાં આવે છે; પણ આ આતશના સંગ્રહમાં સાધારણ ખાકી બળતણમાંથી ઉપ્તન થયલા આતશો લેવામાં આવતા નથી. કારણકે ક્રીયા કરનાર હરેક ઠેકાણેના લીધેલા આતશ ઉપર એક લોખંડની ચમચ ધરે છે, જેના ઉપર સુખડ મુકેલું હોય છે. આ ચમચ અસલ આતશથી એટલી ઉંચે ધરવામાં આવે છે કે જેથી તેની સાથે તે સંબંધમાં ન આવે. આ રીતથી નીચેના આતશની ગરમી ઉપરનાં સુખડને સળગાવે છે, અને એક બીજો આતશ ઉત્પન થાય છે. નવ વેળા આ પ્રમાણે ક્રીયા કરવામાં આવે છે, અને આયંદે આતશનો માત્ર સ્વચ્છમાં સ્વચ્છ અરક, ખોદાઇ શકતીનાં અલંકાર રૂપને લાયક એવો એક આતશ તૈયાર થાય છે. ત્યાર પછી તેઓ વીજળીક આતશ યાને આકાશ ઉપરથી ચમકારા રૂપે ઉતરતી વીજળીનો આતશ મેળવવાની કોશેશ કરે છે; અને હાલમાં તેઓ વીજળીક આતશને ઉપરથી ખેંચી લેવાને અશકત હોવાને લીધે કેટલીકવાર આ છેલો આતશ મેળવવા માટે વર્ષો સુધી તેઓને રાહ જોતા બેસવું પડે છે; પવીત્ર યજ્ઞ ઉપર બળતા બીજા આતશો સાથે વીજળીક આતશ ભેળાય તે આગમજ વર્ષો સુધી તેઓને સબુરી રાખવી પડે છે. આ પવીત્ર આતશ આગળ દરેક જરથોસ્તી ખાકસંગ નમસ્કાર કરે છે, અને આફતાબના ગોરબ થતી વેળાએ સાંજનાં ઝઝકળાંમાં દરેક જરથોસ્તી ઘરનાં સઘળાં દીવાનખાનાંઓમાં પાક પરવરદેગારની પાસબાન શક્તી તથા પવીત્રાઇ લાવનાર શકતીનાં આલાત તરીકે આતશને ખુસ્બો સહીત ફેરવવામાં આવે છે.

હવે આપણે જરથોસ્તી મજહબ મુજબ માણસનો દરજ્જો તપાસ્યે, જેથી ઉંચી મીનો શકતીઓનાં મંડળ સાથે સંબંધમાં લેતાં તે કેટલી અગત્ય ધરાવે છે, તે આપણે સમજી શકયે. જેમ સઘળી હસ્તીઓમાં તેમ માણસમાં પણ એ સામસામાં તત્વો—આતમા અને ખાક—હસ્તી ધરાવે છે, અને માણસ એ એમાંની એકની બાજુ પકડી શકે. જરથોસ્તી મજહબનાં આખાં નીતી શાસ્ત્રને માત્ર આ વીચાર ઉપર સ્થાપવામાં આવ્યું છે કે, દરેક માણસે પોતાને પવીત્રાઇની બાજુ ઉપર લાવી મુકવું, પવીત્રાઇને ખાતર લડવું, અને પવીત્રાઇનો બચાવ કરવો. પાછલા જમાનામાં અંઘ્રમઇન્યુશને એક દુશમન તરીકે ઉભો કરવાને લગતો ખ્યાલ એવાં વીચારથી જન્મ પામ્યો હોય કે તેથી માણસ માત્રને બુરાં સામેની ચાલાક જંગમાં ઉસકેરવું, અને "ભલા મીનો" તરફથી "બુરા મીનો" સામે તે એક સખત જંગમાં ગુતાયો હોય, એવી લાગણી તેનામાં ઉતપન કરવી. જરથોસતી ધર્મ પ્રમાણે પહરેજગારીની બાજુ પર હરદમ અને હર વખતે મજબુતીથી કોશેશ કરવી, એ એક જાતી ફરજ છે. જરથોસતીઓએ જમીનને સાફ રાખવી જોઇએ, અને તેને એક ધર્મ સંબંધી ફરજ સમજીને ખેડવી જોઇએ; તેણે યઝદો તરફની એક સેવા તરીકે ખેતીને લગતાં સઘળાં કામો બજાવવાં જોઈએ, કારણ કે જમીન અહુરમજદની ભલી પેદાયશ છે, અને તેટલા માટે તેને સઘલા પ્રકારની અપવીત્રાઇથી સંભાળી લેવી જોઇએ. હવાને પણ તદન સ્વચ્છ રાખવી જોઇએ. પાણીને પણ તદન સાફ અને નીરમળ રાખવું જોઇએ; જો એકાદ મુરદું યા એવીજ બીજી કાંઇ અપવીત્રાઇ પાણીમાં પડે તો, હરેક ભલા જરથોસ્તીએ તે તરતજ તયાંથી કાઢી નાખવું જોઇએ, કે જેથી તે સ્વચ્છ તત્વ બગડે નહીં. આજ ધોરણે મુરદાં બાળવાની જરથોસ્તી મજહબમાં મનાઇ છે, કારણ કે તે અપવીત્ર મુરદાંનાં અડકવાથી આતશ ઉપર ખરાબી પંથરાય છે. આટલાજ માટે મરણ પામેલાં માણસની લાસને માનપુરવક રીતે દોખમાંઓમાં લઇ જવામાં આવે છે; આ બંધયાર અને બચાવવાળી જગયા જે માત્ર આકાશ તરફજ ખુલી રહે છે, તેમાં મજકુર લાસને મુકવામાં આવે છે, જયાં ગીધો બહુજ ઉતાવળે તેઓને ખાઇ જાય છે, અને આથી કોઇપણ જાતનું પવીત્ર તત્વ યા પરવરદેગારની પેદાયશ બગડવાનો સંભવ રેહતો નથી.

આ જાહેર યાને તનને લગતી અશોઇ, જે ઉપર ચાલાકીથી અને ભકતીભાવથી અમલ કરવાને દરેક જરથોસ્તી બંધાયલો છે, તે ઉપરથી હવે આપણે એ મજહબે જાહેર કીધેલી જાણીતી કુદરતી સચાઇ ઉપર આવ્યે. આ સચાઇ તે "પવીત્ર વીચાર, પવીત્ર વચન, અને પવીત્ર કામો"ને

લગતો નીતીમાન કાયદો છે. આ જરથોસ્તી જીંદગીનો એક એવો કાનુન છે કે જેને વારંવાર બહુ ભાર સાથે જાહેર કરવામાં આવ્યો છે;—અને આપણે જોઇએ છીએ કે આ ત્રણેને ગુપ્ત વીધાને લગતા અનુક્રમ મુજબજ ગોઠવવામાં આવ્યાં છે. આ કાયદો રોજીંદી જરથોસ્તી બંદગીઓમાં જગેજગ અહીં તહીં રજુ કરવામાં આવ્યો છે. ખોરદેહ અવસ્તાના પહેલા શબ્દો "અષેમ વોહુ"ના પવીત્ર કલામો છે જ હરદમ અને હર જગ્યે વારંવાર ભણવામાં આવે છે: "અશોઇ સર્વોત્તમ ન્યામત છે. તે-સુખ છે; સુખ તેને જે સર્વોત્તમ અશોઇને ખાતરજ અશો છે." જ્યારે અહુરમજદ જરથોસ્તને "અષેમ વોહુ" ભણવાના સંબંધમાં જવાબ આપે છે, ત્યારે તે જણાવે છે કે, "જ્યારે એક શખ્સ સઘળા બુરા વીચારો, બુરાં વચનો, અને બુરાં કામો તજી દઇને" (હાદોખ્ત નુસ્ક) "અષેમવોહુ" ભણે છે, ત્યારે તેની કીમત અહુરમજદે પેદા કીધેલી તમામ ભલી પેદાયશની બરાબર થાય છે.

સાત અને પંદર વર્ષની વયની વચ્ચે એક જરથોસ્તી બાળકને દીનમાં દાખલ કરવામાં આવે છે, એટલે પહેલી વાર તે બાળકને સુદરેહ અને કુસ્તી, જે બંને અશોઇનાં આલાતો છે તે, પહેરાવવામાં આવે છે. કુસ્તી મેંઢાના ઉનના બોતેર તારોની વણેલી હોય છે, અને કમર ઉપર ત્રણ વાર વીંટાળવામાં આવે છે, જેની મતલબ પહેરનાર ઉપર ફરજ્યાત રહેલા વીચાર, વચન અને કામોની પવીત્રાઇના કાયદાની યાદ આપવાની છે. તેને બે વાર આગલી બાજુ પર અને બે વાર પાછલી બાજુ પર ગાંઠ વાળવામાં આવે છે. સચાઇ, પતીવ્રતપણું, માબાપો તરફની ફરમાનબરદારી, મહેમાનદારી, ઉદયોગ, દયાનતદારી, ઉપયોગી પ્રાણીઓ તરફ માયા, વગેરે ગુણો ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો છે, અને સખાવતને તો ધર્મના એક અગત્યના ભાગ તરીકેજ ગણવામાં આવી છે. પણ તે સખાવત દુરઅંદેશી ભરી અને લાયકનેજ બક્ષેસ કીધેલી હોવી જોઇએ; ખાસ કરી ગરીબોને મદદ કરવી, પરણવાને લાયક છતાં તંગદસ્તીને લીધે તેમ ન કરી શકનારાઓને પરણાવી આપવા, જેઓ પોતાનાં બાળકોને મુશ્કેલીને લીધે કેળવણી આપી ન શકતા હોય તેઓનાં બાળકોને કેળવણી આપવી, એ વગેરે પ્રકારની સખાવતોની ખાસ ભલામણ આ ધર્મે કીધી છે. એ૦ શહેરયારજી દાદાભાઇ ભરૂચા જણાવે છે કે: "જેમ કેટલાક સદગુણોને ઇરાન્યન ચાર વર્ગોના ખાસ ગુણો તરીકે ગણીને તેમની ભલામણ કરવામાં આવી છે, તેમ કેટલાક દુરગુણોને ખાસ કરી તજી દેવાનાં સખત ફરમાનો આપ્યાં છે, ધર્મગુરૂઓએ ઢોંગ ધતુરા, લોભ, બેદરકારી, આળસાઇ, નજીવી ચીજો તરફનું ધ્યાન,

અને ધર્મ સંબંધી બાબતોને લગતી બેઇમાની તથા શકસુબેહ તજવા જોઇએ. લડવૈયાઓએ જુલમ, જબરદસ્તી, કોલ તોડવાને લગતો ગુનાહ, બુરાંને ઉત્તેજન, ખોટો ભપકો, મગરૂરી તથા નાપૂરમાનીનો ત્યાગ કરવો જોઇએ. ખેડુતોએ અજ્ઞાનતા, અદેખાઇ, બુરી ઇચ્છા, અને કીનાથી દુરી પકડવી જોઇએ. કારીગરોએ અવીશ્વાસ, બેવફાઇ, અવીવેક અને નીંદા છોડી દેવી જોઇએ. (મીનો ખેરૅદ, ૧૧)" આટલું વળી ધ્યાનમાં રાખવા જોગ છે કે, જ્યારે અહુરમજ્દે "મીનો તથા હાડમંદ પવીત્રાઇનો કલામ (અહુનવર)" જાહેર કર્યો, ત્યારે તે અહુનવરની ત્રણ લીટીઓ હતી,–ચાર વર્ગો, પાંચ સરદારો અને એક છેલું અનુમાન હતું. અથોરનાનો, પહેલ્વાનો, ખેડુતો અને કારીગરોના ચાર વર્ગો એ ઇરાની પ્રજાના પહેલી નાયબ–આર્યન (હીંદુ) પ્રજા સાથના સંબંધની એક બીજી નીશાંની છે.

વલી આવીજ બીજી નીશાંનીઓ મનોરંજક છે: હોમ યસ્તમાં સામ વેદનીજ માફક હોમના યજ્ઞને લગતાં વર્ણનમાં તેની ભકતીભાવથી આરાધના અને બહુ બલવાન શકતી તરીકે સ્તેતાયશ થાય છે. ધર્મગુરૂઓના નામો આથર્વ (આથ્રવન,) ઝઓતા (હોતા) તથા રાથ્વીનાં કામનું અધવર્યનાં કામ સાથનું મલતાપણું આપણું ધ્યાન ખેંચે છે. દુધ, ઘી, પવીત્ર પાણી, પવીત્ર ઝાડની ડાંખલીઓ બંને પ્રજાની ચોકસ ક્રીયાઓમાં વપડાય. છે. ચોકસ વખતોને અંતરે પારસીઓમાં હીંદુઓનીજ માફક મરણ પામેલાંઓની ક્રીયા–આરાધના હોય છે, અને ટુંકમાં સચાઇની રીતે જોતાં, આ બંને ધર્મો ભાઇબંધ–મજહબો છે, માત્ર પારસી ધર્મ વારંવારના દીન દુસ્મનોના હુમલા, જુલમ અને દેશનીકાલ હાલતને લીધે પોતાનો અસલ જન્મ હક મોટે ભાગે ખોહી બેઠો છે.

યજસ્નેના ૫૪ મા હાના પહેલા ફકરામાં માણસનાં સાત તત્વોની બીના ખુલી રીતે આવી છેઃ "હાડકાં સાથનાં શરીરો, જીવન શકતી અને આકાર, જોર અને હોશ, રવાંન અને ફ્રવષી." પહેલા ત્રણ શબ્દો પ્રાણ તથા ખાકી અને હવાઇ શરીરોની મતલબ દરશાવે છે. જોર તે કામ (હવસ) છે. હોશ તે મન છે, 'ઉર્વાન' જેનો તરજુમો 'રવાન' કરી કરવામાં આવે છે તે બુદ્ધી છે, અને ફ્રવષી તે આત્મા છે. ડૉ૦ હાઉગ જણાવે છે કે: "ભલી પેદાયશની દરેક હેયાત, મરણ પામેલી યા હવે પછી જન્મ લેનારી ચીજની ફ્રવષી છે." (Essays on the Parsis.p, 206.) પણ આ સમજ અસલ બોલ જે રીતે ફ્રવરદીન યશતમાં આવ્યો છે તે રીતનો પુરતો ખોલાસો આપતી નથી. ફ્રવરદીન યશતમાં અહુરમજદ જણાવે છે કે, ફ્રવષી-

ઓની કીર્તી અને બલને લીધે સઘલી ભલી પેદાયશનો આ દુન્યામાં નીભાવ થાય છે. તેઓને "પવીત્રોના ભલા પાસ્બાન ફરેશતાઓ" ગણવામાં આવ્યા છે, અને તે સઘલાં ઉપરથી જોતાં તેઓ આત્માની મતલબ અર્થે, અને ઘણેક ઠેકાણે જયારે મન અને બુધ્ધી આત્મામાં આમેજ થઇ ચુકયાં હોય ત્યારે આત્માની હાલત દર્શાવવા અર્થે, વાપડવામાં આવ્યાં હોય.

મરણ પછી માણસનું રવાન આ અને બીજો દુંન્યાની અધવચની દુન્યા—"પરહેઝગાર અને પાપી માટેના પુરાતન રસ્તાઓ," (વંદીદાદ, ૧૯, ૨૯)—જેને અહુરમજદ "તન અને રવાંનને જુદો પાડનાર બહુજ ભંયકાર, બીહામણા અને નાશકારક રસ્તા" (હાદોખત નુસ્ક) તરીકે જણાવે છે, તે (કામ લોક)માં જાય છે. અશોનાં રવાંનને ત્યાં, તેનાજ ભલા વીચારો, ભલાં વચનો અને ભલાં કામોથી ઉત્પન થયલું ફળ- એક બહુજ ખુબસુરત કુંવારીકાના આકારમાં—આવી મલે છે; તે "ચીન્વાદનો પુલ" સહી સલામત પસાર કરી જાય છે, અને બહેશતમાં પુગે છે. પણ પાપીનાં રવાંનને તેનાજ પાપી વીચાર, વચન અને કામોનું ફળ—એક બીહામણી અને બદસુરત કુંવારીકાના આકારમાં—આવી મલે છે; તે પેલો પુલ પસાર કરી શકતો નથી, અને ત્યાંથી આતશી ગારમાં તુટી પડે છે.

જરથોસ્તી ધર્મના સંબંધમાં હજી ઘણી બાબતો કહેવાની રહી છે, ઘણી બાબતો બહુ ટુંકમાં કહેવામાં આવી છે, ઘણીકોનું વર્ણન માત્ર ઉપર ટપકેનું છે. તોપણ દુન્યાના દોરની પાંચમી ઓલાદ (Fifth Race) ના આ બીજા ધર્મ, આ પુરાતન મજહબનો બચાવ કરવામાં એક ગુપ્ત ગ્નાનનો અભ્યાસી ફતેહમંદ નીવડી શકે એટલી પુરતી બાબતો આપણે તપાસી છે, અને આટલું વગર શકે પુરવાર થાયછે કે, આ પુરાતન મજહબ અસલ પહેલાં મુલમાંથી ઉત્પન થયલો છે. એનો સ્થાપનાર પેગંબર એક મહાન ઇશ્વરી યોગેશ્વર હતો, એ મજહબ ઘણાજ પુરાતન વખતથી, હજારોઓના હજારોઓ પસાર થવા છતાં, હસ્તી ભોગવતો આવ્યો છે, અને હાલનો જડવાદ પર લાવી નાખેલો જરથોસ્તી મજહબ અસલ મજહબને બહુ ઉતરતી હાલતમાં રજુ કરે છે. તેના ધર્મ-શાસ્ત્રોના અભયાસથી તે એકવાર પાછો સજીવન થઇ શકે; અસલ ગ્નાન એકવાર પાછું અંદર દાખલ થઇ શકે; યુરોપ્યન ટીકા અને યુરોપ્યન જડવાદને તાબે થઇ જનારાં અનુમાનોને કોઇ પણ જરથોસ્તી પોતાના પુરાતન અને બહુ કીર્તીવાન મજહબથી દુર કરી તેમને રદ કરી શકે. અય મારા પારસી બેરાદરો! તમારો પેગંબર

મરણ પામ્યો નથી. જે ધર્મ તેણે સ્થાપ્યો હતો તે ધર્મ પર હજી તેની પાસ્બાની છે, અને તે ધર્મનું ખોવાયલું જ્ઞાન તથા ગુમ થયલી શકતીઓ પાછી આપી તેને તેની હાલની પડી ભાગેલી હાલતમાંથી પાછો બુલંદી પર લાવવાની તે કોશેશ કરે છે. હાલના જરથોસ્તીઓને માટે, પોતાના ભાઇબંધોમાં પુરાતન આતશનો અગ્નિ પાછો ફેલાવી, તેઓનાં મીનો યજ્ઞ ઉપર તેની રોશનીને સજીવન કરવા કરતાં વધારે ઉમદા કામ બીજું કયું છે? પોતાનાં ધર્મ–શાસ્ત્રોનો અભયાસ કરી, તે પુરાતન વીદ્યા જગેજગ લોકોને શીખવવા કરતાં બીજું ઉમદા કામ કયું છે? આ શીખવવાનું કામ એવી સત્તા અને શકતી સાથે થવું જોઇએ, કે જે સત્તા અને શકતી પોતાના સાંભલનારાઓનાજ મજહબનો એક શખ્સ કામે લગાડી શકે. તમારો આતશ મંદ થઇ ગયો નથી, તે માત્ર પોતાનાં પુરાતન યજ્ઞો ઉપર ઝાંખો બલે છે; પણ તેની રાખ હજી ગરમ છે, અને ભભુકદાર બલતાંનું રૂપ લેવાને હરદમ તૈયાર છે. હું એક એવા દીવસનો ખયાલ કરૂં છું, કે જ્યારે તમારા મહાન પેગંબર જરથોસ્તનો દમ પોતાનાં સઘલાં મંદીરોપર ફરી વળી, સઘલાં પુરાતન યજ્ઞોપરની રાખને રોશન કરી, દરેક યજ્ઞને રોશન બલતાંથી દીપાવશે, અને એકવાર ફરીથી આકાશ પરથી રોશન આતશ ઉતરશે, કે જે તમારા ધર્મને જેવો તે થવો જોઇએ તેવો, યાને માણસ જાતનાં રવાંનોને રસ્તો દેખાડનાર રોશન ચેરાગ જેવો, દુન્યાના મોટામાં મોટા ધર્મોમાંનો એક બનાવશે.

સમાપ્ત.

થિઓસોફીકલ સોસાયટી.

सत्यात् नास्ति परो धर्मः ।

"સત્યથી વધારે ઉંચો કોઇ ધરમ નથી."

તા૦ ૧૭ મી નવેમબર ૧૮૭૫ ને દીવસે અમેરીકાના ન્યુયોર્ક શેહેરમાં થિઓસોફીકલ સોસાયટીની સ્થાપના થઇ હતી. તેના પરઠાવનારાં એવી વકી રાખતાં હતા કે, ધર્મ અને વિદ્યા એ બેઉના લાભ સંસ્કૃત, પાલી, જંદ, અને એવીજ બીજી ભાષાઓનાં પ્રાચીન લખાણોને તાજાં કરવાથી વધશે, કે જે ભાષાઓમાં અસલના દાનાવો અને આલેકોએ માણસ જાતના ઉપયોગ માટે માણસ અને કુદરત વિષે સચાઇનો બેમુલ ખજાનો સંગ્રી રાખ્યો છે. આ મંડળી ધર્મને લગતી હોવા છતાં કોઇ પણ ધર્મ તરફથી કે તેના સંબંધમાં રહીને કામ કરતી નથી. તે સર્વે ધર્મોથી વેગળી છે, તો જોકે તેનું કામ સર્વ ધર્મોના **સચાઇ** જાણવાની ખાહેશ રાખનારા કાબેલ અભ્યાસીઓ, પંડીતો, અને શાસ્ત્રીઓથી, એકદીલીથી કરવામાં આવે છે. આ મંડળીની નેમ એછે કેઃ—

૧ લી–જાત, ન્યાત, ધર્મ, રંગ, વર્ણ, વગેરેનો તફાવત રાખ્યા વગર જગતમાં માણસજાત વચ્ચે ભ્રાતૃભાવ વધારવો.

૨ જી–આર્યન અને પુર્વ તરફના દેશોના ભણતર, ધર્મપુસ્તકો, અને વિદ્યાઓનો અભ્યાસ વધારવો.

૩ જી–કુદરત અને માણસમાં ગુપ્ત પડેલી આત્મશકિતઓ વિષે શોધ કરવી, જે મંડળીના મેમ્બરોનો એક ભાગ બજા લાવે છે.

સામેલ થતી વેળા કોઈ પણ મેમ્બરનું ધર્મ સંબંધી મત પુછવામાં આવતું નથી, તેમજ તેને બીજા મેમ્બરોનાં શું મત છે તે પુછવા દેવામાં આવતું નથી.

દરેક મેમ્બરે મંડળીમાં દાખલ થયા આગમચ આટલું કબુલ કરવુ જોઇએ કે, જેમ તેના વિચારોની ખામી બીજાઓ સાંખે એવું તે ઇચ્છે, તેમ બીજાઓના વિચારોની ખામી તેને પણ સાંખી જવી જોઇએ.

ચોપાન્યાંઓ—લુસીફર, થિઓસોફીસ્ટ, થીઓસોફીક ગલીનર, થીંકર, બુદ્ધીસ્ટ, પ્રશ્નોતર, વાહાન, ઇત્યાદી ચોપાન્યાંઓ મંડળીની જુદી જુદી શાખાઓ તરફથી નીકળે છે.

મુંબઈની શાખા—બ્લાવાટસ્કી લાજ, હોરનબી રો, કોટ.